પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૬૪ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૭-૦૩-૨૦૨૨ સોમવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## થોડા કલાકોમાં યુદ્ધવિરામનો ભંગ, યુક્રેન પર રશિયાની 'આક્રમક કાર્યવાહી' શરૂ કરી



કીવ,

રશિયાના સંરક્ષણ મંત્રાલયે શનિવારે જણાવ્યું હતું કે તેણે યુક્રેનના બે શહેરોમાં ઘેરાયેલા નાગરિકોની સુરક્ષા માટે અસ્થાયી યુદ્ધવિરામની ઘોષણા કર્યા પછી યુક્રેનમાં "આક્રમક કાર્યવાહી" ફરી શરૂ કરી છે. સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા ઈગોર કોનાશેક્રોવે વીડિયો બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, "યુક્રેનિયન પક્ષની રાષ્ટ્રવાદીઓને પ્રભાવિત કરવા અથવા યુદ્ધવિરામને લંબાવવાની અનિચ્છાને કારણે રશિયા દ્વારા મોસ્કોના સમય મુજબ ૧૮:૦૦ વાગ્યે આક્રમક કાર્યવાહી ફરી શરૂ કરવામાં આવી છે." કોનાશેક્રોવે કહ્યું કે "એક પણ નાગરિક" માનવતાવાદી કોરિડોરમાંથી બહાર નીકળી શક્યો નથી. "રાષ્ટ્રવાદીઓ દ્વારા આ શહેરોની વસ્તીનો માનવ ઢાલ તરીકે ઉપયોગ કરવામાં આવે છે," તેમણે કહ્યું કે, "રાષ્ટ્રવાદી બટાલિયનો" એ યુદ્ધવિરામનો ઉપયોગ "તેમની સ્થિતિને ફરીથી ગોઠવવા અને મજબૂત કરવા" માટે કર્યો હતો.

રશિયન સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તે દક્ષિણપૂર્વમાં વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ બંદર મારિયુપોલ અને પૂર્વમાં વોલ્નોવાખા શહેરમાં લોકોને સ્થળાંતર કરવા માટે સંમત થયા છે. ત્યાર બાદ યુક્રેનના આ બે શહેરોમાં અસ્થાયી યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી હતી. જો કે, આ નિવેદનમાં તે સ્પષ્ટ નથી થયું કે તે માર્ગો કેટલા સમય સુધી ખુલ્લા રહેશે. આ દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કીના કાર્યાલયના નાયબ વડા કિરીલો ટિમોશેક્રોએ કહ્યું, "રશિયા યુદ્ધવિરામનું પાલન કરી રહ્યું નથી અને માર્યુપોલ અને આસપાસના વિસ્તારોમાં ગોળીબાર ચાલુ છે." આ માટે રશિયન ફેડરેશન સાથે વાતચીત ચાલી રહી છે.' નાયબ વડા પ્રધાન ઈરિના વેરેશચુક પત્રકારોને કહ્યું, 'અમે રશિયાને ગોળીબાર બંધ કરવાની અપીલ કરીએ છીએ'. તેમણે કહ્યું કે રશિયાએ વોલોનોવાખામાં યુદ્ધવિરામની જાહેરાતની વિરુદ્ધ પણ કામ કર્યું.

મેરીયુપોલના મેયર વાદિમ બોયચેક્રોએ યુક્રેનિયન ટીવી ચેનલને જણાવ્યું હતું કે હજારો લોકો શહેરમાંથી સલામત બહાર નીકળવા માટે એકઠા થયા હતા અને ગોળીબાર શરૂ થતાંની સાથે જ બસો તેમને દૂર લઈ ગઈ હતી. રશિયન દળો છેલ્લા ઘણા દિવસોથી મેરીયુપોલ પર ગોળીબાર કરી રહ્યા છે અને બર્ફીલા શિયાળાના કારણે સેંકડો લોકો વીજળી, ફોન, ખોરાક અને પાણી વિના ત્યાં ફસાયેલા છે.આજે રશિયા-યુક્રેન યુદ્ધનો ૧૧મો દિવસ છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ યુએસ સેનેટરોને રશિયાના આક્રમણ સામે લડવામાં દેશને મદદ કરવા વધુ વિમાનો મોકલવા વિનંતી કરી. તે જ સમયે, યુક્રેનના મેરીયુપોલ અને વોલ્નોવાખામાંથી લોકોને બહાર કાઢવા માટે લાગુ કરવામાં આવેલ યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવ્યો છે. યુક્રેનિયન મીડિયા અનુસાર, રશિયન સૈન્યએ મારીયુપોલમાં યુદ્ધવિરામનો ભંગ કર્યો છે, ત્યારબાદ સુરક્ષાના કારણોસર માનવતાવાદી કોરિડોરમાંથી નાગરિકોને બહાર કાઢવાની પ્રક્રિયા અટકાવી દેવામાં આવી છે. બીજી બાજુ, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ચેતવણી આપી છે કે કોઈ પણ ત્રિજા પક્ષ દ્વારા કરવામાં આવેલી નો-ફ્લાય ઝોનની કોઈપણ પ્રકારની જાહેરાતને મોસ્કો, ''યુક્રેન સાથેનાં આ યુદ્ધમાં તેઓ તેમનાં સહભાગી છે તે રીતે તરીકે ગણશે.'' આ સાથે જ અમેરિકા અને બ્રિટન દ્વારા ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે અને તેમનાં તેમનાં નાગરિકોને રશિયા છોડવાની સલાહ આપવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય સ્તર પર રશિયાને અલગ થલગ કરવાનાં પ્રયાસ વચ્ચે યુક્રેની રાષ્ટ્રપતિ જેલેસ્કીની અપીલ પર વીઝા, માસ્ટરકાર્ડએ પણ રશિયા સાથેની તમામ લેવડ-દેવડ બંધ કરવાનો નિર્ણય કર્યો છે.

યુક્રેનનાં મારિયોપોલમાં રશિયાની સેના તેજીથી બોમ્બબાર્ડિંગ કરી રહી છે. શહેરનાં મેયરનો દાવો-મેયર વાદિમ બોયચેંકોએ શનિવારે રાત્રે દાવો કર્યો કે, રશિયન સેનાએ તેનાં શહેરમાં ગોળીબાર તેજ કરી દીધો છે જેમાં વિમાનનો ઉપયોગ પણ થઈ રહ્યો છે. પોસ્ટ સિટી રશિયન સેનાની ઘેરાબંધીથી ખરાબ સ્થિતિમાં છે. રહેણાંક વિસ્તારમાં સતત ગોળીબાર ચાલુ છે. અને આ યુદ્ધ વિમાનો રહેણાંક વિસ્તારમાં બોમ્બ બાર્ડિંગ કરી રહ્યાં છે.

યુદ્ધ વિરુદ્ધ લામબંદ થતાં જ પ્યૂમા કંપનીએ પણ રશિયામાં તેનાં ઉત્પાદનની આપૂર્તિ અને તેમનાં સ્ટોર્સ બંધ કરવાની જાહેરાત કરી છે. યુક્રેનનો મોટો દાવો, રશિયન સેનાનાં ૧૦,૦૦૦ જવાન મારી નાંખ્યા- યુક્રેનની સરકારનો દાવો છે કે, રશિયાનાં ૧૦ દિવસનાં સંઘર્ષમાં તેમને તેમનાં ૧૦,૦૦૦ જવાનો ગુમાવ્યાં છે આ ઉપરાંત રશિયન સેનાનાં ૭૯ ફાઈટર જેટ અને હેલીકોપ્ટર સહિત ૨૬૯ ટેક્ક, ૯૪૫ બખ્તરબંધ લડાકૂ વાહન અને ૪૫ મલ્ટી રોકેટ લોન્ચ સિસ્ટમ પણ યુક્રેને નષ્ટ કરી દીધી છે. યુક્રેનનું કહેવું છે કે, રશિયા લડાઈ હારી ચુક્યું છે.પોતાના દેશના અસ્તિત્વ માટે લડી રહેલા યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેંસ્કીએ અમેરિકાને ફાઈટર પ્લેન મોકલવા અને રશિયામાંથી તેલ આયાત ઘટાડવાની ભાવુક અપીલ કરી છે જેથી તેમનો દેશ રશિયન સૈન્ય કાર્યવાહીનો સામનો કરી શકે. ઝેલેંસ્કીએ શનિવારે અમેરિકી સાંસદોને કરવામાં આવેલા વીડિયો કોલમાં કહ્યુ કે શક્યતા છે કે તે તેમને છેલ્લી વાર જીવતા જોઈ રહ્યા હોય. યુક્રેનના રાષ્ટ્રપતિ રાજધાની કીવમાં જ છે જેના ઉત્તરમાં રશિયન બખ્તરબંધ ટુકડીઓનો જમાવડો છે.

સેનાના લીલા રંગના શર્ટમાં સફેદ દીવાલની પૃષ્ઠભૂમિમાં યુક્રેનના ઝંડાની સાથે દેખાઈ રહેલા ઝેલેંસ્કીએ કહ્યુ કે યુક્રેનને પોતાની હવાઈ સરહદની સુરક્ષા કરવાની જરૂર છે અને આ તો ઉત્તર એટલાન્ટિક સંધિ સંગઠન દ્વારા ઉડાન વર્જિત ક્ષેત્ર લાગુ કરવાથી અથવા વધારે ફાઈટર વિમાન મોકલવાથી જ શક્ય છે. ઝેલેંસ્કી કેટલાક દિવસોથી ઉડાન વર્જિત ક્ષેત્ર જાહેર કરવાની માગ કરી રહ્યા છે પરંતુ નાટો આનાથી ઈનકાર કરી રહ્યુ છે તેમનુ કહેવુ છે કે આવા પગલાથી રશિયાની સાથે લડાઈ વધી શકે છે.જ્યારે યુક્રેનના શહેરો પર રશિયન બોમ્બ બ્લાસ્ટ ચાલુ છે.

## ૧૦ દિવસમાં ૧૦,૦૦૦ રશિયન સૈનિકોના મોત અને ૨૬૯ યુદ્ધ ટેક્ક અને ૭૯ ફાઈટર પ્લેન નષ્ટ

કીવ,

રશિયા-યુક્રેન યુદ્ધનો આજે ૧૧ મો દિવસ છે. બે રાઉન્ડની વાતચીત બાદ પણ બંને દેશો વચ્ચે કોઈ સમજૂતી થઈ શકી નથી. આક્રમક રશિયાને લશ્કરી શક્તિ તેમજ વ્યૂહાત્મક અને રાજદ્વારી જવાબો આપવામાં વ્યસ્ત છે. આ દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ દાવો કર્યો છે કે આ યુદ્ધમાં ૧૦,૦૦૦ રશિયન સૈનિકો માર્યા ગયા છે. આ સાથે રશિયાને લશ્કરી સાધનોનું પણ ભારે નુકસાન થયું છે. જો કે, આ દાવાની સત્યતા સ્વતંત્ર રીતે ચકાસી શકાઈ નથી.

યુક્રેનના વિદેશમંત્રી દિમિત્રો કુલેબાસે દાવો કર્યો છે કે, ૫ માર્ચ સુધીના સંઘર્ષમાં રશિયાએ તેના ૧૦,૦૦૦ સૈન્ય કર્મચારીઓ ગુમાવ્યા છે. આ સિવાય યુક્રેન દ્વારા રશિયન સેનાના ૭૯ ફાઈટર જેટ અને હેલિકોપ્ટરને તોડી પાડવામાં આવ્યા છે. આ સાથે યુક્રેને ૨૬૯ રશિયન ટેક્ક, ૯૪૫ આર્મર્ડ કોમ્બેટ વ્હીકલ અને ૪૫ મલ્ટી રોકેટ લોન્ચ સિસ્ટમને પણ નષ્ટ કરી છે. વિશ્વની મહાસત્તાઓમાંની એક રશિયાને લડત આપી રહેલું યુક્રેન મજબૂત છે અને ઝેલેન્સકી સરકારનું કહેવું છે કે રશિયા આ યુદ્ધ હારી ગયું છે. તેણે તેની સેના પાછી ખેંચી લેવી જોઈએ.

યુક્રેનિયન વિદેશમંત્રી રશિયન રાષ્ટ્રપતિને કહે છે, "પુતિન, યુક્રેનને એકલા છોડી દો. તમે આ યુદ્ધ જીતી શકશો નહીં.'' રશિયનોના જીવન બચાવવા અને આ લોહિલુહાણને સમાપ્ત કરવાનો સમય છે. હું તેના નિર્ણયોની પ્રશંસા કરું છું. રશિયા વિરુદ્ધ પશ્ચિમી અને યુરોપિયન દેશોની અપીલ પર, પુમા, પેયોનીર, પેપલ, એડોબ, આઈબીએમ, વિઝા અને માસ્ટરકાર્ડ જેવી બ્રાન્ડ્સે રશિયામાં તેમની કામગીરી બંધ કરી દીધી છે.

બીજી તરફ રશિયાએ મારિયોપોલ અને વોલ્નોવાખામાં ફરી લડાઈ શરૂ કરી છે. માનવતાવાદી કોરિડોર બનાવવાની મંજૂરી આપવા માટે અસ્થાયી યુદ્ધવિરામ થવાનું હતું. પરંતુ રશિયન સૈનિકોના ગોળીબારથી આ યુદ્ધવિરામ તૂટી ગયો હતો. યુક્રેનિયન શહેર મારિયોપોલના મેયર વાદિમ બોયચેક્રોએ શનિવારે રાત્રે દાવો કર્યો હતો કે, રશિયન દળોએ તેમના શહેરમાં એરોપ્લેનનો ઉપયોગ સહિત વધુ તોપમારો કર્યો હતો. રશિયન સેનાના ઘેરાબંધીથી બંદર શહેરની હાલત કફોડી છે. રહેણાંક વિસ્તારો પર સતત તોપમારો થઈ રહ્યો છે અને રહેણાંક વિસ્તારો પર વિમાનો બોમ્બ ફેંકી રહ્યાં છે.

યુક્રેનની રાજધાની કિવના મેયર વિટાલી ક્લિટ્સ્કોએ સેટેલાઈટ ઈન્ટરનેટ ટર્મિનલ સ્ટારલિંક સાથેનો તેમનો ફોટો જાહેર કર્યો છે. તેમણે કહ્યું છે કે આ એસઆઈટીએસનો ઉપયોગ રાજધાનીના મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને તેના સંરક્ષણ માટે કરવામાં આવશે.'' રશિયાનું લક્ષ્ય હવે રાજધાની કિવ પર કબજો કરવાનું છે. પરંતુ યુક્રેનની સેનાની વ્યવસ્થા અને ત્યાંના નાગરિકોના વિરોધને કારણે આ કાર હુમલાખોર દેશ માટે કંટાળાજનક સાબિત થઈ રહી છે. તે જાણીતું છે કે યુક્રેન પર રશિયાનો હુમલો ૨૪ ફેબ્રુઆરીથી ચાલુ છે. પરંતુ તેને રશિયન સેનાની કેટલીક છુપી રણનીતિ કહો કે યુક્રેનની જવાબી શક્તિ કહો કિવ હજુ સુધી પુતિનના લડવૈયાઓ દ્વારા કબજે કરવામાં આવ્યું નથી.

## વડોદરા : વિશ્વામિત્રી નદીમાં પ્રદૂષિત પાણી ઠલવાતા મુદ્દે પાલિકાને નોટિસ

વડોદરા,

વડોદરામાં વહેતી વિશ્વામિત્રી નદીમાં ઠલવાતા સુએઝનાં ગંદા પાણીથી પ્રદૂષણ ફેલાતું હોવા અંગે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને નોટિસ આપવામાં આવી છે. તેમજ આ અંગે તાત્કાલિક પગલા ભરવા કહેવામાં આવ્યું છે.

વડોદરા શહેરના સામાજીક કાર્યકર રોહિત પ્રજાપતિએ આજે કાલાઘોડા સર્કલ પાસે વિશ્વામિત્રીના ઘાટ પર પત્રકારોને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નવેમ્બર ૨૦૨૧ના રિપોર્ટ પ્રમાણે પુરતા સુએઝ ટ્રિટમેન્ટ પ્લાન્ટ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે નથી. જે ૯ સુએઝ પ્લાન્ટ છે તેમાંથી ૭ કાયદા પ્રમાણે કામ નથી કરતા અને લેબોરેટરી સુદ્ધાનો પ્રોબલેમ છે. વિશ્વામિત્રીના પાણીમાં ડિઝોવલ્વ ઓક્સિજન લગભગ શૂન્ય છે. મારા તમે આ સ્થિતિ ખૂબ જ ગંભીર છે અને સુપ્રીમ કોર્ટ અને નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ આદેશ મુજબ કોર્પોરેશન સામે પ્રતિ સુવિઝ પ્લાન્ટ દંડ થવો જોઈએ. તેમજ ફોજદારી રાહે કાર્યવાહી થવી જોઈએ. આ મામલે જીપીસીબી દ્વારા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને નોટિસ આપવામાં આવી છે.

રોહિત પ્રજાપતિએ ઉમેર્યું હતું કે, આટલા વર્ષો પછી પણ સ્માર્ટ સિટીના દાવા કરતી વડોદરા પાલિકા સુએઝ ટ્રેટમેન્ટ કરવામાં નિષ્ફળ ગઈ છે. ખુલ્લામાં શૌચ કરવાની મનાઈ છે, પરંતુ, આખા વડોદરાના શૌચ-ગટરના પાણી વિશ્વામિત્રીમાં જાય છે. સૌથી મોટો સવાલ તો એ છે કે, નદીમાં ચોમાસા સિવાય પાણી જ ના હોય તો કહેવાયું ટ્રિટેડ સુએઝ કેવી રીતે ઠાલવી શકાય?

## મોદીએ પૂણે મેટ્રો રેલ પ્રોજેક્ટનું કર્યું ઉદ્ઘાટન, વિધાર્થીઓ સાથે ટ્રેનમાં વાતચીત કરી



પુણે,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મહારાષ્ટ્રમાં પુણે મેટ્રો રેલ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું. ઉદ્ઘાટન કર્યા બાદ પીએમ મોદી મેટ્રો રેલમાં સવાર થયા હતા. આ દરમિયાન તેણે મેટ્રોમાં બેઠેલા બાળકો સાથે વાતચીત કરી. પીએમ મોદીએ ગરવારે કોલેજ મેટ્રો સ્ટેશનથી પુણે મેટ્રોમાં આનંદ નગર મેટ્રો સ્ટેશન સુધીની સફર કરી.

મોદીએ કુલ ૩૨.૨ કિમીના પુણે મેટ્રો રેલ પ્રોજેક્ટના ૧૨ કિમી સેક્શનનું ઉદ્ઘાટન કર્યું. આ દરમિયાન, ગુરુવારે કોલેજ મેટ્રો સ્ટેશનથી આનંદ નગર મેટ્રો સ્ટેશન સુધીની મુસાફરી દરમિયાન,પીએમ મોદીએ મેટ્રો ટ્રેનમાં બેઠેલા શાળાના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી, જેનો વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.

આ મેટ્રો પ્રોજેક્ટ પુણેમાં શહેરી અવરજવર માટે વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરવાનો પ્રયાસ છે. ૨૪ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ પીએમ મોદીએ પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કર્યો હતો. આ સમગ્ર પ્રોજેક્ટ કુલ રૂ. ૧૧,૪૦૦ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, પીએમ મોદી બાનેરમાં બનેલ ૧૦૦ ઈ-બસ અને ઈ-બસ ડેપોનું પણ લોકાર્પણ કરશે. પુણેના બાલેવાડી ખાતે બનેલ વડાપ્રધાન આર.કે લક્ષ્મણ આર્ટ ગેલેરી-મ્યુઝિયમનું ઉદ્ઘાટન કરશે. મ્યુઝિયમનું મુખ્ય આકર્ષણ માલગુડી ગામ પર આધારિત લઘુચિત્ર મોડેલ છે, જેને ઑડિયો-વિઝ્યુઅલ ઈફેક્ટ્સ દ્વારા જીવંત કરવામાં આવશે. મ્યુઝિયમમાં કાર્ટૂનિસ્ટ આરકે લક્ષ્મણ દ્વારા બનાવેલા કાર્ટૂન પ્રદર્શિત કરવામાં આવશે. આ પછી પીએમ મોદી બપોરે લગભગ ૧.૪૫ વાગ્યે સિમ્બાયોસિસ યુનિવર્સિટીના સુવર્ણ જયંતિ સમારોહની શરૂઆત કરાવી હતી.

## UP વિધાનસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કા માટે આજે ૫૪ બેઠકો પર મતદાન

લખનૌ,

ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કા માટે આવતીકાલ તા.૭ માર્ચના રોજ મતદાન યોજાશે.મતદાન શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે છેલ્લા તબક્કામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંસદીય ક્ષેત્ર વારાણસી સહિત પૂર્વાંચલના ૧૦ જિલ્લાઓમાં મતદાન થશે.

સાતમા તબક્કામાં યોગી સરકારના ઘણા કેબિનેટ મંત્રીઓનું ભવિષ્ય દાવ પર છે. આની સાથેસાથે ભાજપને રામ રામ કરી ગયેલા પૂર્વ મંત્રીઓનું પણ રાજકીય ભવિષ્ય દાવ પર છે. ઉતરપ્રદેશ રાજ્યમાં અત્યાર સુધીમાં છ તબક્કામાં મતદાન થયું છે અને સાતમા તબક્કામાં આઝમગઢ, મઉ, જૌનપુર, ગાઝીપુર, ચંદૌલી, વારાણસી, મિર્ઝાપુર, સોનભદ્ર અને ભદોહી જિલ્લામાં મતદાન થશે. ત્યાં રાજ્યમાં ૧૦ જિલ્લાની ૫૪ બેઠકો માટે કુલ ૬૧૩ ઉમેદવારો રાજકીય જંગમાં પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. આ ઉમેદવારોના ભાવિનો નિર્ણય ૫૪ બેઠકો ઉપર નોંધાયેલા ૨.૦૬ કરોડ મતદારો કરશે. છેલ્લે યોજાયેલી વિધાનસભા ચૂંટણીની વાત કરીએ તો, સાતમા તબક્કાની ૫૪ બેઠકોમાંથી ભાજપે ૨૯, સપાએ ૧૧, બસપાએ છ, અપના દળ (જ)ને ચાર, નિષાદ પાર્ટીએ એક બેઠક જીતી હતી. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં અપના દળ અને એસબીએસપીએ ભાજપ સાથે ગઠબંધન કર્યુ હતું. અપના દળ ભાજપ સાથે ગઠબંધન કરીને ચૂંટણી લડી રહ્યું છે, જ્યારે એસબીએસપીએ સમાજવાદી પાર્ટી સાથે ગઠબંધન કર્યુ છે.

વિધાનસભા ચૂંટણીના સાતમા તબક્કામાં યોગી સરકારના છ મંત્રીઓની પ્રતિષ્ઠા દાવ પર લાગી છે. આ તબક્કામાં યોગી સરકારની એક કેબિનેટ, બે રાજ્યકક્ષાના પ્રધાનો (સ્વતંત્ર હવાલો) અને રાજ્ય સ્તરના બે પ્રધાનો મેદાનમાં છે. જોકે, તાજેતરમાં યોગી સરકારમાંથી રાજીનામું આપીને સમાજવાદી પાર્ટીમાં સામેલ થયેલા કેબિનેટ મંત્રી દારા સિંહ ચૌહાણ સપાની ટિકિટ પર ચૂંટણી લડી રહ્યા છે. આ તબક્કામાં યોગી સરકારના પછાત વર્ગ કલ્યાણ મંત્રી અનિલ રાજભર વારાણસીની શિવપુર બેઠક, સ્ટેમ્પ અને નોંધણીના રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) રવિન્દ્ર જયસ્વાલ ઉત્તર વારાણસી, પ્રવાસન અને સંસ્કૃતિ રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) નીલકંઠ તિવારી વારાણસી દક્ષિણ, આવાસ અને શહેરી આયોજન રાજ્ય મંત્રી ગિરીશ યાદવ જૌનપુર અને ઉર્જા રાજ્ય મંત્રી રમાશંકર સિંહ પટેલ મિર્ઝાપુરના મદીહાનથી રાજકીય મેદાનમાં તેમનુ ભવિષ્ય અજમાવી રહ્યા છે.યુપી સહિત પાંચ વિધાનસભા ચૂંટણીનું ૧૦ માર્ચે પરિણામ આવશે.

## પંજાબમાં કોંગ્રેસને ૫૦,એલએડીને ૩૫ સીટોની આશા, સરકાર બનાવવામાં નેતા જોડ-તોડમાં લાગ્યા

ચંદીગઢ,

પંજાબમાં ૧૦ માર્ચે વિધાનસભા ચૂંટણીના પરિણામ જાહેર થયા પછી ધારાસભ્યોની હોર્સ ટ્રેડિંગના ડરથી કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા પોતાના નવનિર્વાચિત ધારાસભ્યોને પંજાબની બહાર લઈ જવાની સંભાવના છે. કોંગ્રેસ પોતાના પંજાબના ધારાસભ્યોને રાજસ્થાનમાં સ્થાનાંતરિત કરી શકે છે. જ્યારે આદ આદમી પાર્ટી પોતાના ધારાસભ્યોને દિલ્હીમાં સ્થાનાંતરિત કરી શકે છે. માનવામાં આવે છે કે પંજાબના નવનિર્વાચિત કોંગ્રેસ ધારાસભ્યોને જયપુરમાં રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે, કારણ કે રાજસ્થાનમાં કોંગ્રેસની સરકાર છે. નામ ન આપવાની શરતે પાર્ટીના એક નેતાએ કહ્યું કે આંતરિક સર્વેક્ષણો પ્રમાણે પાર્ટીને પંજાબમાં લગભગ ૫૦ સીટો મળી શકે છે. રિપોર્ટ પ્રમાણે અન્ય એક આંતરિક સર્વેક્ષણ પ્રમાણે શિઅદ-બસપા ગઠબંધનને લગભગ ૩૫ સીટો મળી શકે છે. બીજી તરફ આમ આદમી પાર્ટી પંજાબમાં પૂર્ણ બહુમતનો દાવો કરી રહી છે. શિઅદના નેતા ચૂંટણી પછી ગઠબંધન બનાવવા માટે ભાજપાના સંપર્કમાં છે. ન્યૂ ઈન્ડિયન એક્સપ્રેસના રિપોર્ટ પ્રમાણે બધી પાર્ટીઓ દાવા કરી રહી છે કે રાજ્યમાં આગામી સરકાર બનાવીશું. જોકે એ વાતની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે પંજાબમાં ત્રિશંકુ સદન થશે. સૂત્રોએ કહ્યું કે એવી આશંકાઓ છે કે જો કોઈને બહુમત નહીં મળે તો શિઅદ અને તેની પૂર્વ સહયોગી ભાજપા ગઠબંધન સરકાર બનાવવાનો પ્રયત્ન કરશે. જો આવશ્યક સંખ્યા ૫૯થી સંખ્યા ઓછી રહે તો તે કોંગ્રેસ અને આપના ધારાસભ્યોને તોડી શકે છે. અકાલી દળ ગઠબંધન સરકાર બનાવવા માટે ભાજપાનો સંપર્ક કરી શકે છે. આ દરમિયાન શિરોમણી અકાલી ગળના સૂત્રોએ કહ્યું કે પાર્ટીના અધ્યક્ષ સુખબીર સિંહ બાદલ છેલ્લા કેટલાક દિવસોથી દિલ્હીમાં છે. સૂત્રોનું કહેવું છે કે આમ આદમી પાર્ટીએ એક યોજના બનાવી છે જેથી તેમના નવનિર્વાચિત ધારાસભ્યોને અન્ય રાજનીતિ દળો દ્વારા શિકાર બનાવવામાં ના આવે. સંભાવના છે કે આમ જીતેલા ધારાસભ્યોને દિલ્હી લઈ જઈ શકે છે.

## જયપુરમાં પ્રાઈવેટ પાર્ટમાં છ કરોડની હેરોઈન છુપાવીને રાખેલ મહિલા ઝડપાઈ



જયપુર,

રાજસ્થાનમાં સ્મગલિંગનો એક આશ્ચર્યજનક મામલો સામે આવ્યો છે.જયપુરમાં સ્મહલિંગના આરોપમાં એક મહિલાની ધરપકડ કરવામાં આવી છે.પકડાયેલ મહિલા પાસેથી છ કરોડની હેરોઈન કબજે કરવામાં આવી છે.આશ્ચર્યજનક વાત એ છે કે મહિલા આ કેપ્સુલ્સને પ્રાઈવેટ પાર્ટમાં છુપાવીને લાવી હતી જપ્ત કરવામાં આવેલ ૮૬૨ ગ્રામ હેરોઈનની કીંમત આંતરરાષ્ટ્રીય બજારમાં ૬ કરોડ રૂપિયા છે.હેરોઈનની આ કેપ્સુલ્સને કાઢવામાં ડોકટરોને ૧૨ દિવસનો સમય લાગ્યો મહિલા યુગાંડાની રહેવાસી છે હાલ પોલીસ તેની પુછપરછ કરી રહી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર મહિલાએ કેટલીક કેપ્સુલ પ્રાઈવેટ પાર્ટમાં છુપાવીને રાખી હતી જયારે કેટલીક કેપ્સૂલ્સ તેણે ખાધી હતી સુડાનની રહેવાસી મહિલી યુએઈના શારજાહથી ૧૯ ફેબ્રુઆરીએ જયપુર એરપોર્ટ પહોંચી હતી અહીં સ્કેનિગ દરમિયાન ડાયરેકટરેટ ઓફ ઈટેલિજેંસ ડીઆરઆઈએ મહિલાના શરીરમાં કેપ્સુલ ડિટેકટ કર્યું મેજીસ્ટ્રેટની મંજુરી મળ્યા બાદ મહિલાને જયપુરની એસએમએસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી અહીં ડોકટરોએ ૧૯ ફેબ્રુઆરીથી લઈ ૨ માર્ચ સુધી મહિલાના શરીરથી કેપ્સુલ કાઢી હતી હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ મહિલાને કોર્ટમાં રજુ કરહવામાં આવી હતી અદાલતે તેને ૧૪ દિવસ સુધી ન્યાયિક હિરાસતમાં મોકલી હતી. આવી જ રીતનો મામલો આસામમાં સામે આવ્યો હતો અહીં બોકાજામમાં ૭ જાન્યુઆરીએ સોનાની ચોરીના આરોપમાં એક મહિલાની ધરપકડ કરવામાં આવી હતી. મહિલા પોતાના પ્રાઈવેટ પાર્ટમાં અડધો કીલો સોનુ છુપાવીને આવી હતી બંન્ને કોહિમાતી ગોવાહાટી જનાર બસમાં સવાર હતાં સોનાને બચાવવા માટે મણિપુરથી ઈમ્ફાલથી ગોવાહાટી લઈ જઈ રહ્યાં હતાં તપાસમાં સામે આવ્યું હતું કે મહિલાએ ત્રણ સોનાના બિસ્કીટ પોતાના પ્રાઈવેટ પાર્ટમાં છુપાવીને રાખ્યા હતાં.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

જુનીધરી સ.સહ. મં.લી.

મુ. જુનીધરી, તા.ગોધરા જી. પંચમહાલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

તેજસકુમાર પંકજભાઈ શાહ

મુ. નાનીકાંટડી, તા.ગોધરા જી. પંચમહાલ

## સખ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે PSIની પરીક્ષા યોજાઈ



અમદાવાદ,

રાજ્યમાં ૩૧૨ કેન્દ્ર પર પીએસઆઈની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરીક્ષા અંગે વધુ માહિતી આપતા ભરતી બોર્ડના વિકાસ સહાયે જણાવ્યું કે પીએસઆઈની પરીક્ષા સવારે ૯ થી ૧૧ વાગ્યા દરમિયાન લેવામાં આવી હતી.૯૬ હજાર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી પીએસઆઈ પરીક્ષાના વર્ગખંડોને સતત સીસીટીવી કેમેરાથી મોનિટરિંગ કરાયા હતા.

પેપર લઈ જતી ગાડીઓમાં જીપીએસ અને કેન્દ્રો પર સીસીટીવીથી નજર રાખવા કંટ્રોલરૂમ તૈયાર કરવામાં આવ્યા હતા. પરીક્ષાના સમય દરમિયાન જામર લગાવવામાં આવ્યા હોવાથી પ્રથમ ઘટના છે. પરીક્ષા દરમિયાન કોઈ અનચ્છિય ઘટનાઓ ન ઘટે તેમાટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો હતો.

પીએસઆઈની પરીક્ષામાં ૧૩૮૨ પદ માટે ભરતી પ્રક્રિયા યોજાઈ હતી. આર.સી.પોલીટેક્નિક કેન્દ્ર પર ઉમેદવારોની લાંબી કતારો જોવા મળી હતી.પરીક્ષા કેન્દ્ર પર મોબાઈલ સહિત ઈલેક્ટ્રિક ગેજેટ પર પ્રતિબંધ હતો.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુરના સંત વિસ્તારમાં ઉભરાતી ભૂર્ગભ ગટરથી રહિશો પરેશાન


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર સંત વિસ્તારમાં ભૂગર્ભ ગટરની ઉભરાતી ગટરો સ્થાનિક રહીશોએ લેખિત અને મૌખિક માં છેલ્લા બે માસથી અનેકવાર રજૂઆત કરવા છતાં નગરપાલિકા દ્વારા કામગીરી કરવામાં આવતી નથી. આના કારણે સ્થાનિક રહીશોની રસ્તા ઉપરથી પસાર થવા માટે રોડ ઉપર ફેલાતું ગંદુ પાણી માંથી પસાર થવું પડતું હોય છે. મચ્છર નો ઉપદ્રવ વધી રહ્યો છે. ગંભીર બીમારીનો પણ પ્રશ્ન ઉભો થયો છે. આ વિસ્તારમાં સ્થાનિક રહીશોની અવરજવર કરવા માટે માત્ર એક જ રસ્તો સ્થાનિક રહીશોએ કંટાળીને વારંવાર ગંદુ પાણી નીકળતા તેના ઉપર રેતી કાકરોલ નાખવા મજબુર બન્યા અને નગરપાલિકાના ચીફ ઓફિસર અને ચૂંટાયેલા સભ્યોને વારંવાર રજૂઆત કરવા છતાં સંત વિસ્તારમાં ઉભરાતી ગટરનો નિકાલ કરવા તૈયાર નથી. ખુલ્લી ગટરના કારણે અકસ્માત સર્જવાનો પણ ભય ભીતિ સેવાઈ રહી છે. આ વિસ્તારમાં સફાઈનો અભાવ જોવા મળ્યો છે. સફાઈ પર કરવામાં આવતી નથી. સ્થાનિક રહીશો રોજ નગરપાલિકામાં આની સમસ્યા વિશે ફોન કરતા હોય છે. તેમ છતાંય ગંદા પાણીનો નિકાલ કરવામાં આવતો નથી અને આ જગ્યાએ સફાઈ કરવામાં આવતી નથી. ચારેબાજુઓ રોડ ઉપર ગંદુ પાણી અને કાદવ કીચડ ફેલાયેલું જોવાઈ રહ્યું છે. નગરપાલિકા તંત્રની નિષ્ફળના કારણે આજે સંત વિસ્તારના રહીશો મુશ્કેલીમાં મુકાયા છે. વહેલી તકે આ ગંદા પાણીનો અરે સફાઈ નહીં કરવામાં આવે તો ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવાની ચીમકી આપી હતી.

# ઓપરેશન ગંગા અંતર્ગત યુક્રેન થી સંતરામપુર પરત ફરેલી વિદ્યાર્થીની જીમી મુની નું મંત્રી કુબેરભાઇ ડિડોરે સ્વાગત કર્યું



લુણાવાડા, યુક્રેનની યુદ્ધગ્રસ્ત સ્થિતિમાંથી મહીસાગર જિલ્લાના સંતરામપુરની જીમીબેન પંકજભાઈ મુની હેમખેમ પોતાના ઘરે પરત ફરી છે. ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા ઑપરેશન ગંગા અંતર્ગત યુક્રેનમાં રહેતા ભારતીય વિદ્યાર્થીઓને સ્વદેશ પરત લાવવામાં આવી રહ્યા છે ત્યારે જીમી સહીસલામત ઘરે પરત ફરતાં પરિવારજનોએ આનંદની લાગણી સાથે સરકારનો આભાર વ્યક્ત કર્યો છે. સંતરામપુર ખાતે આજ રોજ જીમી મુની પરત ફરી તે સમયે ખાસ ઉપસ્થિત રહેલા ઉચ્ચ શિક્ષણ રાજ્ય મંત્રી કુબેરભાઈ ડીંડોર, અગ્રણીઓ અને પરીવારજનોએ સ્વાગત કર્યુ ત્યારે લાગણી સભર દશ્યો સર્જાયા હતા.

યુક્રેનના કિવ શહેરમાં ઓ ઓ બોગોમોલેટ્સ નેશનલ મેડીકલ યુનિવર્સીટીમાં એમબીબીએસના પથમ વર્ષમાં અભ્યાસ કરી રહેલી જીમી રશિયા દ્વારા યુક્રેન પર કરવામાં આવેલા હુમલા અને યુદ્ધની સ્થિતિમાં ત્યાં ફસાઈ હતી. જીમી જણાવે છે કે, ભારતીય એમ્બેસીની એડવાઈઝરી મુજબ અમારે યુક્રેન છોડી દેવાનું હતું. યુદ્ધ ગ્રસ્ત પરિસ્થિતીમાં અસહ્ય મુશ્કેલી વેઠી કિવ શહેરથી લીવ અને ત્યાર બાદ પોલેન્ડ બોર્ડર પહોચી હતી.

યુદ્ધની ભયંકર સ્થિતિ વચ્ચે આકરી મુશ્કેલીઓ વેઠી સંતરામપુર સુધી પહોંચેલી જીમી જણાવે છે કે, ઑપરેશન ગંગા અંતર્ગત ભારત એમ્બેસી દ્વારા અમને પોલેન્ડ બોર્ડરથી બસ દ્વારાત્યારપછી ખાસ ફ્લાઈટ દ્વારા દિલ્હી પહોંચાડવામાં આવ્યા. દિલ્હીથી બસ દ્વારા અમે ગુજરાત આવતાં હું ઘર સુધી પહોંચી શકી છું. આ દરમ્યાન અમને કોઈપણ પ્રકારની મુશ્કેલી પડી નથી. દિલ્હી ખાતે તેમજ ગાંધીનગર સચિવાલય ખાતે ઉષ્માસભર સ્વાગત તેમજ અમારા રહેવા અને જમવા સહિતની સુંદર વ્યવસ્થા સરકાર દ્વારા કરવામાં આવી હતી.

યુક્રેનથી સલામતી રીતે પોતાના ઘરે પહોંચાડવા બદલ આભારની લાગણી વ્યક્ત કરતાં જીમી કહે છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલા ઑપરેશન ગંગા થકી હું આજે મારા પરિવાર સાથે છું. તેઓ ખુબ પ્રશંસનિય કામગીરી કરી રહ્યા છે આવી કપરી પરિસ્થિતિમાં વહારે આવેલી ભારત સરકારે ઓપરેશન ગંગા શરૂ કરી વિનામુલ્યે સંવેદનાથી સ્વગૃહે પહોચાડ્યા છે ત્યારે સરકારનો ખુબ ખુબ આભાર માનુ છું.

જીમીની માતા રેખાબેન જણાવે છે કે, યુદ્ધના સમાચાર સાંભળી દિકરીની ચિંતા થતી હતી કે આવી સ્થિતિમાં તે કઈ રીતે પાછી આવી શકશે. તેવા સમયે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઑપરેશન ગંગા શરૂ કર્યું હોવાનું જાણવા મળ્યું અને આશા બંધાઈ કે હવે જીમી સલામત રીતે ઘરે પહોંચશે. અમારો વિશ્વાસ સાચો સાબિત થયો, આજે જીમી અમારી સાથે છે.

વધુમાં જણાવે છે કે, અમે જીમી સાથે સતત સંપર્કમાં હતા રાજ્ય મંત્રી કુબેરભાઇ ડીંડોરે અમારો સંપર્ક સાધી હૈયા ધારણા આપી હતી તથા વહિવટી તંત્રના અધિકારીઓએ અમારા ઘરની મુલાકાત લઈ યુક્રેનમાં ફસાયેલી જીમીની સ્થિતિ અંગે માહિતી મેળવી હતી. જેના આધારે અન્ય વિદ્યાર્થીઓ સાથે જીમીને પણ ઘરે લાવવાની વ્યવસ્થા કરી શકાય.

મંત્રી કુબેરભાઈ ડિડોરે ઑપરેશન ગંગા અંતર્ગત પરત ફરેલ જીમીબેન પંકજભાઈ મુની પરીવારની ખુશીમાં સામેલ થતા જીમીને આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવી હતી.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને સરકારના પ્રયત્નોથી દેશ અને રાજ્યના યુવાઓ સ્વગૃહે પરત ફરી રહ્યાં છે અને હજુ અન્યોને પરત લાવવાના પ્રયત્નો ચાલુ છેગુજરાતના ૨૮૮ વિદ્યાર્થીઓ હેમખેમ પરત આવેલ છે. તેમજ મહીસાગર જિલ્લામાંથી અભ્યાસાર્થે ગયેલા ૧૪ વિદ્યાર્થીઓ પૈકી ૦૭ વિદ્યાર્થીઓને હેમખેમ ભારત લાવી દેવામાં આવ્યા છે.

# સંતરામપુરના વકીલને ધમકી આપવામાં આવતા ગૃહમંત્રીને રજુઆત

સંતરામપુર, સંતરામપુરના વકીલને ધમકી આપતા ગૃહમંત્રીને રજૂઆત કરવામાં આવી. સંતરામપુર નગરમાં વકીલ તરીકે ફરજ બજાવતા જહીર ભાઈ દાઉદને વારંવાર ઈફ્તાર ખાન હુસેન જહીર હુસૈન પઠાણ વારંવાર વકીલને ખોટી રીતે ખોટી ઓળખાણ આપીને હું અમિત શાહનો માણસ છો આવી રીતે ખોટી અરજી કરીને વારંવાર ધમકી આપતા હોય છે. આ અંગે ગૃહમંત્રીને ગાંધીનગર ખાતે લેખિતમાં રજૂઆત કરી હતી. વકીલ જહીર દાઉદ ગુજરાત રાજ્ય નામના સંબંધિત સામેવાળા ઈફ્તાર ખા હુસેન જહીર હુસૈન પઠાણ મૂળ રહેવાસી સીનુંના તાલુકો બીલારી જિલ્લો મુરાદાબાદ ઉત્તર પ્રદેશ આ કામના સામાવાળા સંતરામપુર ખાતે તેમના પરિવાર સાથે રહે છે. છેલ્લા બે વર્ષથી કોઈપણ બાબતથી નારાજ થઈ મારા ઉપર વારંવાર અરજીઓ કરે છે. કારણકે, ફિરદોશ કાળમાં ખાન પઠાણ તથા રહીમા બી આ બંને વચ્ચે સંતરામપુરમાં આવેલા સરવે નંબર વાળી જમીનમાં બાબતે નામદાર મહેસુલ પંચ કેસ ચાલે છે. ફિરદોશ ખાન મજીદ ખાન પઠાણ પક્ષ કારોમાં વકીલ છું તથા રહીમ બીબી હનીફ ખાન પઠાણી પાવર ઓફ પેટની ઈફ્તાર ખાન જાહેર હુસૈન પઠાણ નાઈ એ મેળવી તેવો જમીન બાબતે પોલીસ સ્ટેશનમાં તથા અન્ય અધિકારોની અમારા વિરોધ ખોટી ખોટી અરજીઓ કરી હેરાન પરેશાન કરે છે અને ભારતના મંત્રી અમિત શાહ અને આઈજી એ.કે.જાડેજાનું નામ લઈ પોલીસ ઉપર દબાણ લાવીને કોટી અરજીઓ કરે છે અને આ રીતે જહીર દાઉદ વકીલ ગૃહમંત્રી ને લેખિતમાં રજૂઆત કરી હતી.

# સંતરામપુરના ગડા નદી માંથી બિનવારસી મૃતદેહ મળી આવ્યો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર તાલુકાના ગડા ગામે અજાણ્યા પુરૂષની નદીમાંથી લાભ જોવા મળી હતી. આ ઘટના બનતા જ ગ્રામજનો ભેગા થઈ ગયા હતા. તાત્કાલિક સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ફોન કરીને જાણ કરવામાં આવેલી હતી. પોલીસે નદીમાંથી અજાણ્યા વ્યક્તિની મરણ પામેલા મૃતદેહને બહાર કાઢવામાં આવેલો હતો. સંતરામપુર પોલીસ તેના વાલીવારસોને શોધ કરવાનું અને ઓળખ કરવા માટેની તપાસ હાથ ધરી છે. હાલમાં આ લાશને બરોડા કોલ્ડરૂમમાં મોકલી આપવામાં આવેલી છે. નદીમાંથી બહાર કાઢવામાં આવેલું ડેડ બોડી ચારે બાજુથી પાણીમાં ફોગાઈ ગયેલ અવસ્થામાં બહાર કાઢવામાં આવેલી હતી. સંતરામપુર પોલીસે આ અંગે તપાસ હાથ ધરી હતી. સ્થાનિક ગ્રામજનોને પુજાભાઈ જલુભાઈ મુડવાડા પોલીસ સ્ટેશનમાં જાહેરાત કરી હતી.

# ભગવાન શિવ પાણી અને નંદીએ પીધું દૂધ, વાત ફેલાતાં ભક્તો શિવાલયોમાં ઊમટયાં

હિમતનગર, અરવલ્લીના શિવ મંદિરમાં મહાદેવ પાણી પીતા હોવાનો વીડિયો સામે આવ્યો છે.બાયડના સાઠંબાના શિવ મંદિરમાં શિવલિંગ પાણી પીવે છે. જેને લઈ ભક્તો મોટી સંખ્યામાં શિવ મંદિરમાં ઉમટ્યા અને ચમચીમાં પાણી ભરી શિવલિંગને પાણી પીવડાવતા નજરે પડી રહ્યા છે. આપ આ વીડિયોમાં જોઈ શકો છો કે, પાણીની ચમચી ભરીને ભક્તો દ્વારા શિવલિંગને પાણી પીવડાવતા શિવલિંગ પાણી પીવે છે. તો માલપુરના ઉભરાણ ગામે પણ શિવ મંદિરમાં નંદી અને કાચબો પણ પાણી પીવે છે.

સોશિયલ મીડિયાનાં જમાનામાં મહાદેવ ભગવાન પાણી પીતા હોવાના વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા અવિરત ભક્તોનો પ્રવાહ સાઠંબાના નિલકંઠેશ્વર મહાદેવ ખાતે વધી રહ્યો છે સ્થાનિક પૂજારીના જણાવ્યા મુજબ કળિયુગમાં દેવોના દેવ મહાદેવ આવી રીતે પરચા પુરી રહ્યા છે.વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે નીલકંઠેશ્વર મહાદેવ ભક્ત લોકો દ્વારા ચમચીમાં પાણી પીવડાવવામાં આવતો શિવલિંગ પાણી ખેંચી રહ્યા છે.

સુરતના પણ અલગ-અલગ વિસ્તારના શિવાલયોમાં નંદી પાણી પીતા હોવાની વાત વાયુવેગે પ્રસરતા લોકો મોટી સંખ્યામાં અને પાણી પીવડાવવા પહોંચ્યા હતા. જોકે આ ઘટના સાથે જોડાયેલા કેટલાક વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થતાની સાથે કુતૂહલ સર્જાયું છે.

જોકે, આ વાત રાજ્યના અનેક વિસ્તારોમાંથી સામે આવી હતી. શિવલિંગ અને નંદીજી પાણી પીતા હોય એવા વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થયા હતા. જે બાદ મોટી સંખ્યામાં લોકો મંદિરોમાં જઈને જાતે પાણી પીવડાવ્યું હતું. કહેવાય છે ને કે 'માનો તો શ્રદ્ધા છે એને ના માનો તોઅંધશ્રદ્ધાહ્વ અહીંયા તો શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે ચમત્કારની વાત જે રીતે સામે આવી છે તેને લઈને લોકો મોટી સંખ્યામાં મંદિરો પર પહોંચી રહ્યા છે અને જે રીતે વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે તેને લઈને હવે કુતૂહલ સર્જાયું છે. આ વચ્ચે લોકો જે રીતે મંદિર પર પહોંચી રહ્યા છે તેને લઈને શહેરમાં એક ચર્ચાનો દોર પણ શરૂ થયો છે.

ગુજરાતનાં મોટા ભાગનાં જિલ્લાઓમાંથી હાલ એવા વીડિયો સામે આવી રહ્યા છે જેમાં મહાદેવ તથા તેમના નંદી પાણી અને દુધ પી રહ્યા હોય. જો કે આ વાતનું સમર્થન મંતવ્ય ન્યૂઝ નથી કરતુ પરંતુ હાલ આ વીડિયો વાયરલ ખુબ જ થઈ રહ્યા છે.

# કલા મહાકુંભ કાર્યક્રમમાં કાંકણપુર કોલેજનો વિદ્યાર્થી વકતૃત્વ સ્પર્ધામાં બીજા નંબરે




ગોધરા, ગોધરાની ધી એમ એસ માધ્યમિક અને ઉ.મા હાઈસ્કૂલ મહુલીયા ખાતે કલા મહાકુંભ કાર્યક્રમ સંપન્ન થયો. જેમા ગોધરાની કાંકણપુર જે.એલ.કોટેચા આર્ટસ કોલેજના એસ વાય બીએના વિદ્યાર્થી બારીઆ આશિષ કુમાર ડી. એ વકૃત્વ સ્પર્ધામાં દ્વિતીય નંબર મેળવ્યો છે. આ સ્પર્ધામાં તાલુકામાંથી આવેલ વિવિધ સ્પર્ધકોમાં સરસ વક્તવ્ય રજૂ કરીને દ્વિતીય નંબર મેળવી કાંકણપુર આર્ટસ કોજેલનું ગૌરવ વધાર્યુ છે. તે બદલ કાંકણપુરની જે.એચ.કોટેચા આર્ટસ કોલેજના આચાર્ય ડો. જૈમિનિ શાસ્ત્રી સહિત કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

# ઐતિહાસિક વૃક્ષ આંબો



આંબો એ ઐતિહાસિક વૃક્ષ છે આંબાનુ ફળ એટલે કેરી. કેરીનું ઉત્પાદન આપણા દેશમાં છ ૬૦૦૦ વર્ષ પૂર્વેથી થયું હોય એમ મનાય છે. આંબાનો ઉલ્લેખ રામાયણ અને મહાભારતમાં થયેલો જોવા મળે છે. જૈનોના દેવી અંબિકા પણ આંબાના વૃક્ષ નીચે બિરાજમાન છે તેવા ચિત્રોના દર્શન આપણે કર્યા છે.

ઉનાળાની શરૂઆતમાં જ આંબાની મંજરી મહા–ફાગણ માસમાં ખાસ કરીને જોવા મળે છે, તેનો ઉપયોગ માતા સરસ્વતીની પૂજામાં થાય છે. હિન્દુ ધર્મના બધા જ માંગલિક પ્રસંગોમાં આંબાના પાનની પૂજા અને તોરણીચા બંધાય છે. કેરીનાં આકારની ડિઝાઈનો, ભરતગુંથણ અને પોશાકમાં ખૂબ મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે. ઈતિહાસના લેખ મુજબ મોગલ બાદશાહે એક લાખ આંબાના છોડ રોપવાનો હુકમ કર્યો હતો. આંબા પરથી ધાર્મિક ભજનો, લોકગીતો, ફટાણાં, લગ્નગીતો, કવિતાઓ, જેવા સાહિત્યમાં પુષ્કળ પ્રમાણમા રચનાઓ થયેલી જોવા મળે છે.

કેરીને હિન્દીમાં. કહેવામાં આવે છે. અને અંગ્રેજીમાં ખઅગત્રહ્ન કહેવામા આવે છે. કેરી એ આપણા દેશનું રાષ્ટ્રીય ફળ છે. આંબો એ ઐતિહાસિક વૃક્ષ છે, તો કેરી એ ઐતિહાસિક ફળ પણ કહેવાય છે. તેને આપણે સૌ સન્માન આપીએ, અને તેનો બગાડ ન થાય તેની કાળજી રાખવી તે દરેક નાગરિકની ફરજ છે. કેરીને ફળોનો રાજા પણ કહેવામાં આવે છે.

**-: આંબાના ઝાડ નું ધાર્મિક મહત્વ :-**

ધાર્મિક કે માંગલિક પ્રસંગોમાં આંબાના પાનના તોરણ બાંધવાથી વાતાવરણ ધાર્મિક, પવિત્ર અને શુદ્ધ થાય છે અને શુભ મનાય છે. તેનું લાકડું યજ્ઞોમાં સમિધ તરીકે વપરાય છે.

માન્યતા મુજબ કેરી એ હનુમાનજીનું પ્રિય ફળ છે. જેથી જ્યાં કેરી અને આંબાના પાન હશે ત્યાં તેમનો વાસ હશે.

**-: આંબાના ઝાડનું ઔષધિય મહત્વ :-**

આંબાના તાજા કૂણા પાનના સેવન દ્વારા ડાયાબિટીસ કંટ્રોલમાં થઈ શકે છે. અને અસ્થમાના દર્દીને રાહત થાય છે. આંબાના પાનનો પાવડર પાણી સાથે પીવાથી કિડનીમાંથી પથરી દૂર થશે. આંબાના પાનના રસને કાનમાં નાખવાથી કાનનો દુખાવો બંધ થશે. આંબાના કૂણાં પાનને મોઢામાં રાખી ચાવવાથી સ્વાસ્થ્ય માટે શ્રેષ્ઠ છે.

આંબાના વૃક્ષનના મહત્વ સાથે સાથે તેનું ફળ કેરી પણ એટલી ઉત્તમ છે. કેરી કાચી હોય તો વિટામિન સી મળે છે કેરી પાકી હોય તો વિટામીન એ મળે છે. કેરીને બાર માસ સુધી અથાણું, છુંદો, મુરબ્બો વગેરે વાનગી બનાવી આખુ વર્ષ પહેલાંથી ખાઈ શકાય છે. કેરીના બીજને ગોટલી કહેવાય છે. તેને શેકીને તેમાંથી મુખવાસ બનાવી શકાય છે. તથા ગોટલીના ઉપરના કઠણ પડને બાળકોના રમકડા ફરકડી તરીકે ઉપયોગી બની શકે છે.

**-: પરોપકારી વૃક્ષ તરીકે :-**

અહી દર્શાવેલ આંબાનું ઝાડ ઘોઘંબા તાલુકાનાં પાલ્લી ગામે પ્રકૃતિની રમણીય શોભા લઈને ઊભું છે. કુદરતના ખોળે અને ભૂમિના સહારે એકલું અટુલું ઊભું છે. તે ટાઢ, તાપ, વરસાદ, અને વાયુ વંટોળ સાથે સંઘર્ષો કરી વિના સ્વાર્થે લોકોને મીઠા ફળ અને શીતળ છાયાડો આપવા તૈયાર થઈ ગયું છે. તેને ફળો આવશે ત્યારે તેને લોકો પથ્થરો અને ગોફણોના ગોળા મારશે, તેમ છતા તે દુઃખ વેઠીને, પત્થરોના ઘા વેઠીને લોકોને સુંદર મીઠા ફળો આપશે. .....વાહ રે......કુદરત તારી કળા..!

# દાહોદમાં વ્હોરા સમાજના અગ્રણી ડો.સૈયદનના મોહમ્મદ બિહાનુદ્દીન ની ૧૦૭મી જન્મ જયતિની ઉજવણી નિમિતે મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું



દાહોદ, તા.૬.૨.૨૦૨૨ ના રોજ વોહરા સમાજના વડા ડો.સૈયદના બુહાઉદ્દીન ની ૧૦૭ મી જન્મ જયંતી હોયએ નિમિતે દાહોદના વોહરા સમાજ દ્વારા વહેલી સવારે આજરોજ મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું જેમાં મોટી સઁખ્યામાં વોહરા સમાજના યુવા ઓ વડીલોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો આ મેરેથોન દોડ દાહોદની બુરહાની ઈંગ્લિશ મીડિયમાં સ્કૂલ થિ દાહોદ શહેર પી.આઈ.વસંત પટેલ એ લીલી ઝડી આપી દોડ શરૂ કરવામાં આવી હતી આ મેરોથોન દોડ દાહોદના ગોધરા રોડ.પરેલ વિસ્તાર રેલ્વે સ્ટેશન થઈ દાહોદ ના વિવિધ માર્ગો પર ફરી પરત બુરહાની સ્કૂલ પર મેરેથોન દોડ નું સમાપન કરવામાં આવ્યુ હતું આ મેરેથોન દોડમાં કોઇને મુસ્કેલીનો સામનો ન કરવો પડે એ માટે બુરહાંની ગાર્ડસ દ્વારા તમામ વિસ્તારોમા ખાણી પીણી નું બન્દોબસ્ત પણ મુકવામાં આવ્યું હતું. બુરહાની સ્કૂલ પરત આવતા વડીલો એ દોડ માં ભાગ લેનાર રનર નું ઉત્સાહ ભેર સ્વાગત કર્યું હતુ.અને ડો.સૈયદના બુરહાઉદ્દીન ની જન્મ જયંતી નિમિતે કેક કાપી બાળકોને કેક ખવડાવવામાં આવ્યું હતું .સાથે સાથે દોડ માં ફસ્ટ.સેકન્ડ થર્ડ વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યું હતું અને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવતા દાહોદ પોલીસ નું પણ આભાર માની દાહોદ શહેર PSI ને પુષ્પ આપી સોળ ઓઢાવી સન્માનિત કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ માં દાહોદના વડા જનાબ સહિત વોહરા સમાજના અગ્રણીઓની ઉપસ્થિતીમાં આ કાર્યક્રમ સફળ થયું હતું.

# લીમડીમા બજરંગદળના ૧૧૫ જેટલા યુવાનોએ ત્રિશુળ દિક્ષા ધારણ કરી



લીમડી, લીમડી તા.૦૫/૦૩/૨૦૨૨ શનિવાર ના રોજ હનુમાન ટેકરી ખાતેના હનુમાનજી મંદિરના સંકુલમા વિશ્વ હિન્દુ પરિષદ બજરંગદળ દ્વારા ત્રિશુળ દિક્ષાનો કાર્યક્રમ યોજાયો જેમા બજરંગદળ લિમડી પ્રખંડના ૧૧૫ જેટલા યુવાનોએ શ્રી હનુમાનજી મહારાજના મંદિરે પુજ્ય સંતો દ્વારા ધર્મ,રક્ષા,હિન્દુ રક્ષા, સ્વ રક્ષા અને મઠ,મંદિર ગૌ માતાની રક્ષા તેમજ બહેન દિકરીઓના રક્ષણ માટે સંકલ્પિત બની ત્રિશુળ દિક્ષા ધારણ કરી હતી. કાર્યક્રમમા ધર્મ સભાને સંબોધતા પુ.દલસુખદાસજી મહારાજે વિશ્વમા હિન્દુત્વના પગરણ અને આજની સ્થિતિ વિશે માર્ગદર્શન આપ્યુ હતુ. તેમણે હિન્દુ યુવાનોને પોતાના ધર્મ પ્રતિ ગૌરવાન્વિત રહેવા આહ્વાન કરતા કહ્યું હતું કે વિશ્વના અનેક દેશોમા અન્ય ધર્મના લોકો પણ હિન્દુ ધર્મ અપનાવી રહ્યો છે. પુ.દયાનંદજી મહારાજે કહ્યુ હતુ કે વિશ્વ આજે રશિયા યુક્રેન યુધ્ધમા ઉગારી લેવા માટે ભારત તરફ મીટ માંડી રહ્યુ છે તેમ હિન્દુ ધર્મ,હિન્દુ સમાજ હિન્દુત્વની રક્ષા માટે બજરંગદળ પ્રત્યે આશાવાદી બની રહ્યો છે ત્યારે આપણે ધર્મ સેવા રાષ્ટ્ર રક્ષાનો સંકલ્પ લઈએ. આજના કાર્યક્રમ ના મુખ્ય વકતા રમણભાઈ બારિયાજી એ જણાવ્યુ હતું કે, બજરંગગ દળનુ ત્રિશુળ કોઈને મારવા માટે કે બતાવીને વટ મારવા માટે નહીં પણ સંગઠનના પ્રતિક રૂપ છે. ત્રિશુળ ધારક એકલો નથી તેની સાથે હજારો બજરંગીઓનુ ઝુંડ છે તે વાતની ખાતરી આપે છે અને યુવાનોને ધર્મ રાષ્ટ્રની રક્ષા માટે પ્રેરિત કરે છે. આજના કાર્યક્રમમા રામભાઈ ભરવાડજી, યોગેશભાઈ જયસ્વાલજી, બળવંતભાઈ ખોડ, કમલેશભાઈ ચૌહાણ, મનિષભાઈ પંચાલ, અજીતદેવ પારગી, ઉત્કર્ષ શર્મા સાથે અનેક પરિષદના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : સ્વાસ્થ્ય બાબતે સાચવીને કામ કરવું, ખોટા નિર્ણયો નુકસાન કરાવશે, નાણાકીય વ્યવહારમાં સાચવવું, પરિવારના કામમાં ધ્યાન આપવું.

વૃષભ (બ.વ.ઉ.) : સંતાનના સ્વાસ્થ્યમાં કાળજી રાખવી, કામકાજમાં અપજશથી બચવું, આવકના પ્રમાણમાં જાવક વધશે, કોઈપણ કામમાં બંધાયેલા રહેશો.

મિથુન (ક.છ.ઘ.) : આકસ્મિક ધનલાભના યોગો જણાય છે, લાંબા રોકાણ માટે સમય સાચવવા જેવો છે,પરિવારનો ભરપૂર સહયોગ મળશે, મહેનતના પ્રમાણમાં સામાન્ય ફળ મળશે.

કર્ક (ડ.હ.) : વડીલોના આશીર્વાદથી લાભ થશે, કોઈ નજીકના સંબંધીથી સહયોગ મળશે, ધંધામાં સારી આવક પ્રાપ્ત થશે, વાહનના યોગ સારા બને છે.

સિંહ (મ.ટ) : ભાગ્યોદય માટે ઉજળી તક મળશે, નિર્ણયો સમજી-વિચારીને લેવા, મિત્રો સાથે થોડો મતભેદ જણાશે, મુસાફરીના યોગો જણાય છે.

કન્યા (પ.ઠ.ણ.) : આરોગ્ય બાબતે સાચવવું, પ્રતિસ્પર્ધીથી સાવધાન રહેવું, કોઈપણ રોકાણોમાં કાળજી રાખવી, નોકરીયાતને કામમાં મહેનત વધશે.

તુલા (ર.ત.) : ભાગીદારીવાળા કામથી લાભ થશે, ધંધાકીય વ્યવહારોમાં લાભ થશે, દામ્પત્ય જીવનમાં ચણભણ રહેશે, લેવડ-દેવડમાં કાળજીથી કામ લેવું.

વૃશ્ચિક (ન.ય.) : રોગ અને શત્રુ તરફથી સાવધાન રહેવું, શેરબજારમાં સારો લાભ થશે, વ્યવસાયમાં નવા કોન્ટ્રાક્ટ મળશે, યાત્રા-પ્રવાસના યોગ બને છે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : બૌદ્ધિકોને મહેનતનું પરિણામ મળશે, વ્યવસાયમાં નવી તકો મળશે, સમય આપને અનુકૂળ બનશે, કામની કદર થાય-માન વધે.

મકર (ખ.જ.) : માતાની સેવાથી લાભ થાય, પરિવાર સાથે પ્રેમ કેળવાય, સારા કામમાં યાત્રાનું આયોજન થાય, ખોટા ખર્ચમાં વધારો થશે.

કુંભ (ગ.શ.સ.ષ.) : ઘરમાં વડીલોથી ઉત્તમ લાભ થશે. સંપત્તિને લગતા કાર્યોમાં સહયોગ મળશે. વ્યવસાયમાં સામાન્ય સમસ્યાઓ રહેશે. કરેલી મહેનત સારું ફળ આપશે.

મીન (દ.ચ.ઝ.થ.) : ધનનું સારું સુખ મળશે. પરિવારમાં તનાવ રહેશે. નાના-મોટા રોકાણમાં લાભ થશે. જમીનને લગતા કામમાં ફાયદો થશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# સંજેલી ગ્રામ પંચાયતમાં દબાણ દુર કરવા માટે ઠરાવ છતાં પણ નાણાં ભરવા માટે ગલ્લાંતલ્લાં

સજેલી,

સંજેલી નગરના મુખ્ય માર્ગ સહિત ઠેર ઠેર ગલીઓમાં ગટરના ગંદા પાણી રોડ પર ફરી વળ્યા છે અને જાહેરમાર્ગો પર કાચા પાકા સહિતના ભારે દબાણો થતા હાલ ચાલી ફળિયા વિસ્તારના રસ્તાની કામગીરી ટલ્લે ચઢી છે. સ્થાનિક લોકો દ્વારા દબાણો દૂર કરી રસ્તા બનાવવાની માંગ કરવામાં આવી છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

સંજેલી તાલુકામાં મુખ્ય માર્ગ સહિત ગળીઓમાં જૂના બસ સ્ટેશન ગ્રામપંચાયત અને સબ્જી માર્કેટ સહિત વિસ્તારોમાં મોટાપાયે દબાણો જોવા મળી રહ્યા છે. સાથે સાથે રસ્તાઓ ઉપર ગટરના પાણી પણ ફરતા જોવા મળી રહ્યાં છે. હાલ માર્ગ અને મકાન વિભાગ દ્વારા સંજેલી ખાતે મુખ્ય માર્ગ સહિતના લગભગ સાત જેટલા રસ્તાઓ ગટર સાથે મંજુર થયા છે. પરંતુ ઠેર ઠેર દબાણને કારણે વાહનચાલકો સહિત સ્થાનિક લોકો પરેશાન થઈ રહ્યાં છે. હાલ ચાલી ફળિયા વિસ્તારમાં નવીન રસ્તાની કામગીરી શરૂ કરવામાં આવી છે પરંતુ મોટાપાયે દબાણને કારણે કોન્ટ્રાક્ટર દ્વારા વાંકીચુકી સાપોલિયાની જેમ ગટરની કામગીરી શરૂ કરતાં સ્થાનિક લોકોમાં નારાજગી જોવા મળી હતી. જેને લઇ સ્થાનિક આગેવાન દ્વારા દબાણો દૂર કરી ગટર અને રસ્તાની કામગીરી કરવા માટે તાલુકા સહિત જિલ્લા કક્ષાએ રજુઆત કરવામાં આવી હતી.જેથી તાલુકા અને જિલ્લા અધિકારી દ્વારા કોન્ટ્રાકટરને રસ્તાની કામગીરી બંધ કરાવી છે. હાલ આ વિસ્તારમાં કામગીરી બંધ હોવાને કારણે ઠેર ઠેર ગટરના પાણી ઉભરાઈ જતાં મચ્છરજન્ય રોગો તેમજ લોકોને અવરજવર માટે ભારે હાલાકી વેઠવી પડે છે. ત્રણ વર્ષ અગાઉ સંજેલી તાલુકામાં ગ્રામ પંચાયત ગ્રામ પંચાયતનું શોપિંગ સેન્ટર સહિતના ૭૦૦ જેટલા વર્ષો જૂના દબાણો દૂર કરવામાં આવ્યાં હતાં જે બાદ પંચાયત તંત્રની બેદરકારીને કારણે હાલ ફરી જાહેર માર્ગો સહિત ઠેર ઠેર દબાણો કાચા પાકા બની જતાં સ્થાનિક લોકોને તેમજ વાહનચાલકોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે.

સંજેલી ગ્રામ પંચાયતની પ્રથમ સભામાં ગ્રામ પંચાયત વિસ્તારમાં દબાણો દૂર કરવા માટે ઠરાવ કરવામાં આવ્યો હતો. જેના એક માસ જેટલો સમય વીતી ગયો છતાં પણ દબાણ દુર કરવા માટે નાણાં ભરવામાં આવ્યા નથી. હાલ ચાલી ફળિયા વિસ્તારમાં દબાણના કારણે રસ્તા પાણી અને ગટરની કામગીરી બંધ કરાતા લોકોને ભારે હાલાકી. સરપંચ તલાટી જો દબાણ દારો સાથે ચર્ચા વિચારણા કરી દબાણ દૂર કરવાની વાત કરતાં હોય તો તે તદ્દન ખોટી વાત છે. ગામમાં થયેલું દબાણ તો દૂર થવું જ જોઈએ જેથી વાહન ચાલકો અને રાહદારીઓને મુશ્કેલીનો સામનો ન કરવો પડે સાથે સાથે ગામનો પણ સારો વિકાસ થઈ શકે.

> બે દિવસમાં મામલતદાર ટીડીઓ અને તાલુકાની ટીમ આ વિસ્તારની મુલાકાત લઈ અને ગ્રામજનો સાથે ચર્ચા કર્યા બાદ દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
> : તાલુકા વિકાસ અધિકારી સુરેશ ગાંવિત :

> ગ્રામ પંચાયત વિસ્તારમાં દબાણ દૂર કરવા માટે ઠરાવ કરવામાં આવ્યો છે પરંતુ ગ્રામજનો સાથે દબાણ દુર કરવા બાબતે ચર્ચા વિચારણા કરવામા આવશે હવે નાણા ભરી દઈ અને દબાણો દુર કરવામાં આવશે.
> : સરપંચ મનાભાઈ ચારેલ :

**- ત્રણ વર્ષ અગાઉ પંચાયત સહિત ના શોપિંગ સેન્ટરો તોડી દબાણ ખુલ્લું કરાયું હતું.**
**- દબાણને કારણે રસ્તાની કામગીરી અટવાતા સ્થાનિક લોકો હેરાન.**

> પંચાયત વિસ્તારમાં થયેલા દબાણો દૂર કરવા માટે ગ્રામ પંચાયત તેમજ તાલુકા વિકાસ અધિકારી એ દબાણ દૂર કરવા તેમજ સાથે સાથે દબાણો થયેલાં રજિસ્ટરો નિભાવવાના ઉચ્ચ કક્ષાના આદેશોને પણ સૂરસૂરિયું.

> સંજેલી ગ્રામ પંચાયત ની ખુલ્લી જગ્યામાં જિલ્લા બહારના અને રાજસ્થાનના એમપીના પણ લોકો ગ્રામ પંચાયતની જમીન પર મોટાપાયે દબાણ કરી લોકોને હાલાકી પહોંચાડી રહ્યાં છે.

## દાહોદના સાસંદની રજૂઆતના પગલે ઝાયડસમાં હિમોફીલીયાની નિઃશુલ્ક સારવારનો શુભારંભ થયો

દાહોદ,

દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં વધુ એક સુવિધાનો શુભારંભ થયો છે.જેમાં આ દવાખાનામાં હવે હિમોફીલીયાના ઈન્જેક્શન પણ નિઃશુલ્ક આપવામાં આવશે.સાંસદના પ્રયત્નોથી આ સારવાર શક્ય બની છે ત્યારે તેમના જ હસ્તે તેનો આરંભ પણ કરાવવામાં આવ્યો હતો.આ પ્રસંગે તબીબી જગતના અધિકારીઓ તેમજ દર્દીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં મોટા ભાગની તબીબી સારવાર મળી રહી છે.ત્યારે મોટા આપરેશન પણ કરવામાં આવી રહ્યા છે ત્યારે તેનો સીધો લાભ જિલ્લાના ગરીબ દર્દીઓને થઈ રહ્યો છે.તેની સાથે રાજસ્થાન અને મધ્યપ્રદેશના સીમાવર્તી ગામડાઓના દર્દીઓ પણ અહીં સારવાર અર્થે આવી રહ્યા છે.તેવા સમયે કેટલાક ગંભીર રોગોની સારવાર પણ શક્ય બની રહી છે.

એવો જ એક હિમોફીલીયા નામનો રોગ આવે છે.જેમાં આ રોગના દર્દીને કોઇ પણ જગ્યાએ ઈજા થાય તો તેને લોહી નીકળવાનુ બંધ થતુ નથી.પરિણામે આ રોગના દર્દી વિકલાંગ થઈ જાય છે.લોહી ગંઠાઇ જવાની પ્રક્રિયા ન થવાને કારણે રક્તસ્ત્રાવ બંધ થતો નથી.આ રોગના દર્દીઓની સારવાર માટે ઈન્જેક્શન આપવા પડે છે પરંતુ તેના એક ઈન્જેકશનની કિંમત ૨૦ થી ૨૫,૦૦૦ રૂપિયા છે અને તે ગરીબ તેમજ મધ્યમ વર્ગીય દર્દીઓને કોઇ પણ રીતે પરવડે તેમ નથી.આ પહેલાં આવા ઈન્જેકશન લેવા દર્દીઓએ વડોદરા અને ત્યાર બાદ ગોધરા જવુ પડતુ હોવાથી સમય અને નાંણાનો વ્યય પણ થતો હતો.

આ બાબત સ્થાનિક સાંસદ જશવંતસિંહ ભાભોરના ધ્યાને આવતા તેઓએ રાજ્યકક્ષાએ લેખિત તેમજ મોખિક રજૂઆતો કરી હતી અને ગરીબ આદિવાસીઓના જિલ્લાની હોસ્પિટલમાં આ સારવાર નિઃશુલ્ક ઉપલબ્ધ થાય તેવા પ્રયત્નો કર્યા હતા.જેથી રાજ્ય સરકાર દ્વારા આ ઈન્જેક્શન દાહોદની ઝાયડસ મેડીકલ હોસ્પિટલમાં આપવાની શરૂઆત થઇ છે.

તારીખ ૪ માર્ચના રોજ સાંજે સાસંદ જશવંતસિંહ ભાભોરના હસ્તે દર્દીઓને આ ઇ્નજેકશન આપવાની કામગીરીનો શુભારંભ કરવામાં આવ્યો હતો.જેમાં ઝાયડસના સી.ઓ.ઓ ડો.સંજય કુમાર, સિવિલ સર્જન ડો.સંધ્યા જોષી, સુપ્રિટેન્ડન્ટ ડો.ભરત હઠીલા જનરલ મેનેજર પ્રકાશ પટેલ, એડમીનીસ્ટ્રેટર વિશાલ પટેલ તેમજ અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.હાલ હિમોફીલીયાના ૭૫ જેટલા દર્દીઓ નોંધાયેલા હોવાનું સીઓઓએ જણાવ્યુ હતુ.ત્યારે સાંસસદે જણાવ્યુ હતુ કે ગરીબોને દરેક પાયાની સુવિધા ઉપલ્બ્ધ કરાવવી તે જન પ્રતિનિધિની નૈતિક ફરજ છે.

## દાહોદ ખાતે વૈષ્ણવો દ્વારા હોળીના રસિયાનો કાર્યક્રમ યોજાયો



દાહોદ,

દાહોદની ગોવર્ધન નાથજી ‘‘હવેલી ગ્રુપ’’ દ્વારા દેસાઈવાડ સ્થિત વણિક વાડીમાં તા.પ.૩.૨૦૨૨ ની રાતના હોળીના રસિયા ગીતોનો ખૂબ સફળ કાર્યક્રમ યોજાયો હતો.

વૈષ્ણવ હવેલીઓમાં વસંત પંચમીથી ૪૧ દિવસ સુધી વસંત ધમારના ખેલો દ્વારા ભક્તિભાવ પ્રકટ કરી વ્રજભક્તો, પ્રભુ સાથે વિહાર કરતા હોય તેમ હોળીના રસિયા ગાય છે. ‘‘આજ બિરજમેં હોરી રે રસિયા, હોરી રે રસીયા, બરજોરી રે રસિયા’’ જેવા અનેક જાણીતા રસિયાગીતો વૈષ્ણવોના રસિયાગ્રુપ દ્વારા આ કાર્યક્રમમાં રેલાતા મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકો ડોલી ઉઠ્યાં હતા. અને સહુએ ફૂલવૃષ્ટિથી લઈ આ ટાણે પ્રસાદીમાં અપાતા મકાઈ ધાણીના ટેસ્ટફુલ ફગવાના સથવારે મોડી રાત લગી આનો આનંદ ઉઠાવ્યો હતો.

## ધાનપુર પોલીસ સંખેડા ગામની ધાડ લુંટના વોન્ટેડને ધાનપુરથી ઝડપી પાડયો

દાહોદ,

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા ગામે ધાડ લૂંટના ગુનામાં સંડોવાયેલ અને છેલ્લા પાંચ વર્ષથી નાસતા-ફરતા આરોપીને દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકા પોલીસને મળેલ બાતમીના આધારે ધાનપુર બજારમાંથી આરોપીને ઝડપી પાડી જેલ ભેગો કરી દીધો હોવાનું જાણવા મળે છે.

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ધાડ લૂંટના ગુન્હામાં સંડોવાયેલી અને છેલ્લા પાંચ વર્ષથી નાસતો ફરતો આરોપી એવો મુકેશભાઈ ભીમલાભાઈ મોહનીયા (રહે.નાનીમલુ, તા.ધાનપુર જિ. દાહોદ) નો ધાનપુર બજારમાં આવેલ હોવાની બાતમી ધાનપુર પોલીસને મળી હતી જે બાતમીના આધારે ધાનપુર પોલીસે ધાનપુર બજારમાં કોમ્બિંગ કરી આરોપીને મુકેશભાઈને ઝડપી પાડયો હતો. સમગ્ર મામલે ધાનપુર પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ શહેર ની નવજીવન મીલના કામદારોને TB અને HIV રોગ વિષે માહિતગાર કરવમાં આવ્યા



દાહોદ,

માન્ય વડાપ્રધાન દ્વારા જાહેર કરેલ ટીબી મુકત ભારત ૨૦૨૫ અભિયાન અન્વયે દેશમાંથી ટીબી રોગ નાબૂદ કરવા માટે આહવાન કરેલ છે. જે અન્વયે આજ રોજ નવજીવન મીલ અનાજ માર્કેટ ખાતે ટીબી HIV રોગ વિશે મીલના કામદારોને જિલ્લા ક્ષય અધિકારી ડોક્ટર પી.વી. સોની દવારા ટીબી HIV રોગ વિષે ઊંડાણપૂર્વક માહીતી આપી અને છેલ્લે પ્રતિજ્ઞા પણ લેવડાવી ૨૦૨૫ માન્ય વડાપ્રધાનએ ટીબી રોગ નિર્મૂલન માટે મન ક્રમ વચન થી લોકો જોડાય અને બીજાને પણ જોડીને આ ટીબી મુકત ભારત ૨૦૨૫માં સૌ જોડાઈ ને આપણે આપણા દેશમાંથી ૨૦૨૫ ટીબી નાબૂદ કરી શકીએ. આવો સૌ સાથે મળીને આપણે આપણા રાજ્ય માંથી આપણા જિલ્લા માંથી આપણા તાલુકા માંથી અને આપડા ગામ માંથી ટીબી મુકત કરીએ ટીબી હારેગા દેશ જીતેગા.

## નંદીની પ્રતિમાનું જળ ગ્રહણ : દાહોદ જિલ્લામાં શિવાલયોમાં નંદીની પ્રતિમા પાણી પીવે છે તેવી વાત વહેતી થઈ, મંદિરોમાં ભાવિકોનું ઘોડાપૂર ઉમટ્યું

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે શનિવારે બપોર પછી એકાએક જ શિવાલયોમાં ભીડ જામવા લાગી હતી. કારણ કે શિવાલયોમાં નંદીની પ્રતિમા પાણી પીવે છે તેવી વાત આખા જિલ્લામાં વાયુ વેગે પ્રસરી ગઇ હતી. જેથી ઠેર ઠેર શિવ મંદિરોમાં ભાવિકોની ભીડ જામી રહી છે.



દાહોદ જિલ્લામાં વર્ષો પહેલાં ગણેશજીની પ્રતિમા દુધ પીવે છે. તેવી વાત વહેતી થતાં મંદિરો તેમજ ઘરે ઘરે ભાવિકો ગણેશજીની પ્રતિમાને દૂધ પીવડાવવા લાગ્યા હતા. કોઈ કારણોસર પ્રતિમાઓમાં દુધ શોષાતું હતું ત્યારે સ્વાભાવિક રીતે જ આ ઘટના શ્રદ્ધા સાથે જોડાઇ હતી. તેવી જ એક ઘટના ફરીથી આજે શનિવારે બપોર બાદ બની છે અને તેના કારણે પણ સમગ્ર દાહોદ જિલ્લામાં એક અનેરો માહોલ ઉભો થયો છે.

શનિવારે બપોરે ત્રણ વાગ્યા પછી એકાએક જ એવી ચર્ચા શરૂ થઈ ગઈ હતી કે શિવાલયોમાં પ્રસ્થાપિત નંદીની પ્રતિમા પાણી પીવે છે. જેથી જિલ્લાના નાના મોટા તમામ શિવાલયોમાં ભાવિકો પાણી લઈને દોડ્યા હતા અને નંદીની પ્રતિમાને ચમચી વડે પાણી પીવડાવવા લાગ્યા હતા. ગ્રામ્ય વિસ્તારો સહિત દાહોદ, ઝાલોદ જેવા શહેરી વિસ્તારોના શિવાલયોમાં પણ ભાવિકોના ટોળા એકઠાં થઈ ગયા હતા.

નાના મોટા મંદિરોમાં ભારે ભીડ જામી આ ઘટનાને કારણે ઘણાં શ્રદ્ધાળુઓ માત્ર જોવા માટે પણ શિવાલયોમાં દોડી ગયા હતા. ગામડેગામડે આ વાત વહેતી થઇ અને સોશિયલ મીડિયાને કારણે ગામડે ગામડે અને ઘરે ઘરે સુધી વાત પ્રસરી જતાં નાના મોટા મંદિરોમાં ભારે ભીડ જામી રહી છે. આ ઘટનાને તમામ લોકો પોત પોતાની રીતે મુલવી રહ્યા છે, ત્યારે હોળીનો તહેવાર પણ સામે છે. તેવા સમયે મોટા ભાગે આ ઘટનાને આધ્યાત્મિક દ્રષ્ટિકોણથી જ મુલવવામાં આવી રહી છે.

## દાહોદના પરેલ વિસ્તારના સિનિયર રેલ્વે ઈન્ટીટ્યુટ ખાતે દાહોદ જિલ્લા કોંગેસ ની વિસ્તૃત કારોબારી સભા યોજાઈ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ ખાતે દાહોદના પરેલ વિસ્તારમાં સ્થિત સિનિયર રેલ્વે ઈન્ટીટ્યુટ ખાતે દાહોદ જિલ્લાની વિસ્તૃત કારોબારી સભાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં લોકસભાના ઈન્ચાર્જ નારણભાઈ રાઠવા, પંચમહાલના માજી ધારાસભ્ય રાજેન્દ્રસિંહ પરમાર દાહોદના ધારાસભ્ય વજેસિંહ પણદા ગરબાડાના ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયા સંતરામપુરના માજી ધારાસભ્ય બાબુભાઈ કટારા જિલ્લા પ્રમુખ હર્ષદભાઈ મિનામાંખાસ ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. દાહોદ જિલ્લાની કારોબારી સભામાં વિધાનસભાની ચૂંટણીઓને અનુલક્ષીને લોકસભાની ચુંટણીને અનુલક્ષીને સભ્ય નોંધણી ઝુંબેશ ફ્રન્ટલો તથા સેલ ડિપાર્ટમેન્ટના અનસ સંગઠન માણખા માટે અને સંયોજકોની જવાબદારી બાબતે ચર્ચાઓ કરવામાં આવી હતી. આ વિસ્તૃત કારોબારી સભામાં દાહોદ જિલ્લાના કોંગ્રેસના હોદ્દેદારો, કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના વનસ્પતિશાસ્ત્ર વિભાગ દ્વારા બે દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું




દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના સેમેસ્ટર ૬ વનસ્પતિ શાસ્ત્ર વિષયના વિદ્યાર્થીઓનો (૦૨) દિવસીય (શૈક્ષણિક પ્રવાસ) બોટનીકલ ટૂર ઉનાઈ, વાંસદા, વઘઇ, સાપુતારા, તિથલ અને ઐતહાસિક સ્થળ દાંડી ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૨ વિદ્યાર્થીઓ અને પ સ્ટાફ જોડાયા હતા. પ્રવાસ દરમ્યાન સુંદર માર્ગદર્શન અને સંપૂર્ણ સગવડ દાહોદ ના વતની મુ. મહેન્દ્રભાઈ નલવાયા પ્રાયોજના વહીવટદાર, એડિશનલ કલેક્ટર, વાંસદા એ કરેલ હતું. પ્રવાસ ઈન્ચાર્જ તરીકે લલિત સોલંકી, કુ.સુનંદા ખેપડ, કુ.શિખા મોઢિયા, કુ.ધરતી સંગાડા, અનિલ કિશોરી એ ફરજ નિભાવી હતી. આ પ્રવાસ તા.૦૨/૦૩/૨૦૨૨ અને તા.૦૩/૦૩/૨૦૨૨ ‘‘વિશ્વ વન્ય દિવસ’’ ના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં જુદી જુદી વનસ્પતિઓ ની ઓળખ ઔષધીય ઉપયોગિતાની સમજ મેળવવામાં આવી હતી.

## દે.બારીયાના સાલીયા ગામે તાપણાના તણખાથી ઝુંપડામાં આગ લાગતા ઝુંપડામાં રહેલ ૭૦ વર્ષીય વૃધ્ધનું મોત

દે.બારીયા,

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના સાલિયા ગામે તાપણામાંથી તણખલા ઉડતાં તણખલા નજીકમાં આવેલ મકાઈની રાડથી ઝૂંપડામાં ફેલાઈ જતા આખું ઝુપડુ બની જવા પામ્યું હતું ત્યારે ચોપડા ની અંદર સુતેલ ૭૦ વર્ષીય એક વૃદ્ધ આ આગની જ્વાળાઓમાં આવી જતા તેને તાત્કાલીક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો પરંતુ સારવાર દરમિયાન વૃદ્ધનું મોત નિપજ્યાનું જાણવા મળે છે. ગત તારીખ ૪ માર્ચ ના રોજ સાલિયા ગામે ધોળાદાતા ફળિયામાં રહેતા ૭૦ વર્ષીય રામાભાઈ ગેમાભાઈ પટેલ ને ઠંડી લાગતા ખેતરમાં ખાટલા નજીક તાપણું સળગાવી સુતા હતા. તે દરમિયાન અચાનક તાપણામાંથી તણખલા ઉડતા તણખલા મકાઈની રાડથી બનાવેલ નજીકમાં આવેલ ઝૂંપડામાં આગ પ્રસરી જવા પામી હતી. જેને પગલે અંદર ઊંઘી રહેલ ૭૦ વર્ષીય રામાભાઈ પણ આ આગની લપેટમાં આવી ગયા હતા. જેને પગલે તેઓ શરીરે સખત દાઝી જતા તેઓને પરિવારજનો દ્વારા નજીકના હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન રામાભાઈ નું મોત નિપજતા આ સંબંધે સાલિયા ગામે ધોળાદાતા ફળિયામાં રહેતા ધીરાભાઈ ગેમાભાઈ પટેલ દ્વારા પીપલોદ પોલીસ મથકે જાણ કરતાં પોલીસેના સંબંધે સીઆરપીસી કલમ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


**દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત હસુબેન ગર્લ્સ પ્રાથમિક શાળામાં ગણિત વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૬૦ થી ૭૦ વિદ્યાર્થીની બહેનોએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ પ્રોજેક્ટ રજૂ કર્યા. જેમકે ટપક સિંચાઈ પદ્ધતિ ,હાઈડ્રોપોનિક્સ ખેતી, અઝખ મશીન, ગણિતના કોયડાઓ, ખેતરનું નિવસનતંત્ર, ગ્રામ્યજીવન અને શહેરી જીવન, હુમન બોડી, ચલણી નોટોની ઓળખ વગેરે ખુબ સરસ કૃતિ ઓ રજૂ કરવામાં આવી.**

## ધાનપુરના રાછવા ગામે મારી પત્ની સાથે કેમ વાતો કરે છે તેમ કહી મારમારતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના રાછવા ગામે પોતાની પત્ની સાથે કેમ વાતો કરે છે તેમ કહી બે જેટલા ઈસમોએ એકને ગડદા પાટુંનો માર મારી મારી નાખવાની ધમકી આપતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે. ગત તારીખ પમી માર્ચ ના રોજ ધાનપુર તાલુકાના નાનીમલુ અને આંબાકાચ ગામે રહેતા ઈશ્વરભાઈ માવી અને દિનેશભાઈ રસુલભાઈ પરમારનાઓ એકસંપ થઇ નાનીમલુ ગામે રહેતા કમલેશભાઈ દીપકભાઈ માવીને બેફામ ગાળો બોલી કહેવા લાગે કે, તું મારી બૈરી સાથે કેમ વાતો કરતો હતો તેમ કહી એકદમ ઉશ્કેરાઇ જઇ કમલેશભાઈને માથાના ભાગે પ્લાસ્ટીકની ખુરશી મારી બંને જણાએ ભેગા મળી કમલેશભાઈને ગડદાપાટુનો માર મારી મારી નાખવાની ધમકી આપી હતી.

આ સંબંધે ઈજાગ્રસ્ત કમલેશભાઈ દીપકભાઈ માવી દ્વારા ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.164

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા ખાતે યોજાયેલ નમો કિશાન પંચાયતમાં પૂર્વ સાંસદ દ્વારા સરકારના દાવાઓની પોલ ખોલી



ગોધરા,

ગોધરા બીઆરજીએફ ભવન ખાતે નમો કિસાન કાર્યક્રમ આયોજીત કરાયું હતું. આ કાર્યક્રમમાં પૂર્વ સાંસદ પ્રભાતસિંહ ચૌહાણ દ્વારા ખેડુતોને પડતી મુશ્કેલીઓનો ચિતાર રજુ કરી સરકારના દાવાઓની પોલ ખોલી હતી.

ગોધરા ખાતે બીઆરજીએફ ભવન ખાતે નમો કિશાન પંચાયત કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં જીલ્લાના પૂર્વ સાંસદ પ્રભાતસિંહ ચૌહાણ હાજર રહ્યા હતા. અને તેમના દ્વારા જીલ્લામાં ખેડુતોને પડતી મુશ્કેલીઓની રજુઆત કરી હતી. જીલ્લામાં સરકાર દ્વારા જે રીતે દાવાઓ કરવામાં આવે છે. તે પ્રમાણે ખેડુતોને પુરતો વીજ પુરવઠો મળતો નથી. સરકારે ખેડુતોને દિવસે વિજળી આપવાનો વાયદો કર્યો હતો. તેમાં પણ દિવસે વિજળી મળતી નથી. જીલ્લાના તમામ તાલુકાના ખેડુતોને પાક ભેલાણની મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે તેની આગળ વધતા પૂર્વ સાસંદ દ્વારા કહેવામાં આવ્યું કે, સરકાર દ્વારા ૨૦૨૨માં ખેડુતોની આવક બમણી કરવાની વાત કરવામાં આવી હતી. પરંતુ ૨૦૨૨માં ખેડુતોની આવક બમણી થઈ નાથી. સરકાર દ્વારા ખેડુતોના હિતોની વાતો કરવામાં આવેલ છે.પરંતુ ખેડુતોને તેનાથી લાભ થતો નથી. મારા વાતો કરવાથી ખેડુતોની સમસ્યા હલ થશે નહી.

# જાંબુઘોડાના જોટવડ ગામે જમીન ટુકડા માટે સગા પિતા અને પુત્રએ કરી હતી માતાની હત્યા

ગોધરા,

જાંબુઘોડા તાલુકાના જોટવડ ગામે જમીનના ટુકડાની લાલચમાં કળયુગી પુત્રએ પોતાના દિકરાની મદદથી માતાનું મારમાર હત્યા કરી નાખતાં ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે જાંબુઘોડા તાલુકાન જોટવડ ગામે રહેતા ગંગાબેન વેચાતભાઈ બારીયાના પતિનું મૃત્યુ બાદ પોતાના મોટા પુત્ર રાજેશ વેચાતભાઈ બારીયા અને નાના પુત્ર સંજયભાઈને પોતાની જમીન સરખા ભાગે વહેંચી આપી હતી અને માતા ગંગાબેન એ એક જમીનનો ટુકડો પોતાની પાસે રાખ્યો હતો અને માતા ગંગાબેન નાના પુત્રની સાથે રહેતા હોય જેને લઈ માતાના ભાગનો જમીનનો ટુકડો સંજય ખેડતો હતો. જેને લઈ મોટો પુત્ર રાજેશ માતા પાસે જમીનના ભાગ ફરી પાડવાની માંગણી કરતો હતો. માતાએ જમીનના બીજી વખત જમીનનો ભાગ પાડવાની ના પાડી હતી. તેમ છતાં ૩ માર્ચના રોજ રાજેશ એ માતા પાસે આવીને જમીનનો ફરી ભાગ પાડવાની ના પાડી હતી. જેને લઈ પુત્ર રાજેશ બારીયા મોડી સાંજે પોતાના પુત્ર રાહુલ સાથે આવીને જમીનનો ભાગ પાડવા ઝગડો કર્યો હતો અને પુત્ર રાજેશ અને રાહુલે ભેગા મળીને ગંગોબન મારમાર ગદડાપાટુનો મૂઢ માર માર્યો હતો અને જમીનમાં ભાગ આપી દો નહિ તો જાનથી મારી નાખીશ તેમ કહેતા વચ્ચે છોડાવવા પડેલા પોતાના ભાભી નયનાબેનને પણ મારમારી પિતા–પુત્ર ભાગી ગયા હતા. પુત્ર અને પૌત્રના મારથી ઈજા થતાં માતા ગંગાબેન સારવાર માટે જાંબુઘોડા સરકારી દવાખાનામાં લઈ જવામાં આવ્યા હતા. અને નાજુક હાલતમાં ગંગાબેનને વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. કળયુગી પુત્રએ પોતાના પુત્ર સાથે મળીને માતાની હત્યા કરી નાખવામાં આવતાં જાંબુઘોડા પોલીસ મથકે સંજયભાઈ બારીયાએ ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યાનો ગુનો નોંધી હત્યારા પિતા પુત્રને ગણતરીના કલાકોમાં ઝડપીને જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે. પુત્ર અને પૌત્રએ મળીને માતાની હત્યા કરવાના બનાવને લઈ કળયુગી પુત્ર સામે ફિટકાર વરસાદી રહ્યા છે.

# ગોધરાના ચિખોદ્રા ગામે રામજી મંદિર ટ્રસ્ટની નોંધ નં.૨ ઓનલાઈન થવા છતાં ઓનલાઈન દેખાય તેવી લોક માંગ

## ચિખોદ્રા ગામે આવેલ રામજી મંદિરની જમીન ચેરીટી કમિશ્નરના હુકમ વગર લે-વેચ

ગોધરા,

ગોધરા તાલુકાના ચિખોદ્રા ગામની નોંધ નંબર–૨ જે રામજી મંદિર ટ્રસ્ટની હોય આ જમીન માટે ચેરીટી કમિશ્નરના હુકમ વગર એકબીજાના મેળાપીપણામાં લે–વેચ કરીને મોટા પાયે ગેરરીતિ કરેલ છે. રામજી મંદિર ટ્રસ્ટની જમીન નોંધ નંબર–૨ ઓનલાઈ થયા બાદ પણ ઓનલાઈન દેખાતી નથી. તેના પરિણામે રામજી મંદિર ટ્રસ્ટની જમીન ઉપર કબ્જો કરેલ હોવાનું બહાર આવ્યું છે.

ગોધરા તાલુકાના ચિખોદ્રા ગામે રામજી મંદિર ટ્રસ્ટની જમીન આવેલ છે. રામજી મંદિરની જમીનની નોંધ નંબર–૨ હોય તે નોંધ ઓનલાઈન થવા છતાં પણ ઓનલાઈન દેખાતી નથી. રામજી મંદિર ટ્રસ્ટની જમીન માટે અસામજીક તત્વો દ્વારા કોઈપણ જાતના ચેરીટી કમિશ્નરના હુકમ વગર એકબીજાના મેળાપીપણામાં રામજી મંદિર ટ્રસ્ટની જાણ બહાર લે–વેચ કરીને મોટાપાયે ગેરરીતિ કરેલ છે. ચિખોદ્રા ગામની રામજી મંદિર ટ્રસ્ટની નોંધ નંબર–૨ ઈ–ધરા મારફતે નકલની માંગણી કરતાં ઈ–ધરા દ્વારા જણાવ્યું કે, નોંધ નંબર–૨ આજદિન સુધી ઓનલાઈન અપલોડ કરવામાં આવી નથી.

> ગોધરા રામજી મંદિર ટ્રસ્ટની જમીનો પચાવી પાડી હોવાના પુરાવા મળતા અનેક લોકો ઉંચા નીચા થયા છે. ચિખોદ્રાની નોંધ નંબર-૨ ઓનલાઈન અપલોડ થાય તો અનેક લોકો સામે લેન્ડ ગ્રેબીંગનો ગુનો નોંધાઈ શકે છે.

ગોધરા તાલુકાના પોપટપુરા ગામના ગરીબ આદિવાસીઓની નોંધ નંબર–૫૮૧૧ જે રેવન્યુ વિભાગના કર્મચારીઓની મદદગારી થી અસામાજીક તત્વો દ્વારા ઉડાવી નાખવામાં આવી હતી. પરંતુ સરકારને દયાનમાં આવતા તે નોંધ પુરેપુરી ઓનલાઈન અપલોડ કરવામાં આવેલ છે. તેવી જ રીતે ચિખોદ્રાની નોંધ નંબર–૨ ઓનલાઈન અપલોડ થાય તો તમામ ગેરરીતિઓ તેમજ બોગસ ખેડુતો સાબિત થાય તેમ છે. તે બાબતે ખોટા ખેડુતોના દાખલા પણ આવેલ હોવાનું જણાઈ રહ્યું છે. તે પણ ખુલી શકે છે.

# શહેરા મામલતદાર દ્વારા તાડવા પાટીયા પાસેથી મામલતદારે રેતી ભરેલ ટ્રેક્ટર પકડ્યું



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા મામલતદાર દ્વારા તાડવા પાટીયા પાસેથી રોયલ્ટી પાસ વગર રેતી ભરીને જતુ ટ્રેક્ટર ને પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.જ્યારે તાલુકા માં રેતીની લીઝ ચાલુ નહિ હોવા છતાં નંબર પ્લેટ વગરના વાહનો માં રોયલ્ટી પાસ વગર રેતી ની હેરાફેરી થઇ રહી હોય ત્યારે જવાબદાર તંત્ર દ્વારા અસરકારક કાર્યવાહી કરવા શુભ મુહૂર્તની રાહ દેખી રહ્યુ હોય તેવું લાગી રહ્યુ છે.

શહેરા ગોધરા હાઈવે માર્ગ ઉપર તાડવા પાટીયા પાસેથી મામલતદાર દ્વારા ગેરકાયદેસર નંબર વગરનું ટ્રેક્ટર પકડી પાડીને ચાલક પાસે ખનિજ વહન કરવા માટેના જરૂરી કાગળો માંગતા મળી આવ્યા નહિ હતા. જેથી ગેરકાયદેસર રેતી ભરેલ ટ્રેક્ટરને મામલતદાર કચેરી ખાતે લાવીને જરૂરી કાર્યવાહી હાથધરી હતી. મહત્વનું છે કે તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં આવેલ નદીમાંથી તેમજ અન્ય સ્થળે થી લીઝ નહીં હોવા છતાં ખનીજ વિભાગની કોઈ પણ પરવાનગી વગર રેતી કાઢીને નંબર વગરના વાહનોમાં બિન્દાસ હેરાફેરી થવા છતાં જવાબદાર તંત્ર ની મીઠી નજર હોવાથી આ સામે અસરકારક કાર્યવાહી કરવામાં આવી રહી નથી. જેથી દિવસ અને રાત્રી દરમ્યાન ધમધમતા હાઈવે માર્ગ ઉપરથી તેમજ ગ્રામીણ વિસ્તારના રસ્તાઓ પરથી રોયલ્ટી પાસ વગર અને ઓવરલોડ રેતી ભરેલા વાહનોની અવર જવર સતત વધતી જઈ રહી છે. જ્યારે આ બાબતે મામલતદાર પુર્વેશ ડામોરને પૂછતા તેઓએ જણાવ્યું હતું કે રોયલ્ટી પાસ વગરનુ ટેકટર હોવાથી મારા દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. ટ્રેક્ટરમાં રેતી ડેમલીના આંબાજેટી વિસ્તારમાંથી ભરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ગેરકાયદેસર રેતી ની હેરાફેરી કરવા માટે ખાસ કરીને નંબર પ્લેટ વગરના વાહનો નો ઉપયોગ થતો હોય ત્યારે તંત્ર દ્વારા આ બાબતને ખૂબ જ ગંભીરતાથી લેવામાં આવી જોઈએ કેમકે વાહન ઉપર નંબર ન હોય તો પકડાવાનો ડર વાન ચાલકને રહેતો ના હોય ત્યારે આ સામે દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવે જેથી નંબર પ્લેટ વગરના વાહનો નો ઉપયોગ થતો અટકી શકે તેમ છે. ખનીજ ચોરી અટકે તે માટે જિલ્લા કલેકટર દ્વારા તાલુકા પંથકમાં કડક કાર્યવાહી કરવાના આદેશ આપવામાં આવે જેથી સરકારી તિજોરીને મોટુ નુકશાન થતું અટકી શકે તેમ છે.

> - ગેરકાયદેસર રેતી ની હેરાફેરીમાં નંબર વગરના વાહનોને ઉપયોગ થઈ રહ્યો.
> - દિવસ દરમિયાન ૫૦થી વધુ રેતીના વાહનો નીકળવા છતાં જવાબદાર તંત્રની કાર્યવાહી નહિવત.
> - તાલુકામાં રીતે ચાલુ નહિ હોવા છતાં રોયલ્ટી પાસ વગર રેતીને હેરાફેરી વાહનોમાં થઈ રહી છે.

# ગોધરા તાલુકા વિસ્તારમાં મેટલ ક્વોરી અને સફેદ પથ્થર દળવાની ફેકટરીથી પર્યાવરણ અને માનવ આરોગ્યની અસર બાબતે રજુઆત કરાઈ

ગોધરા,

પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકા વિસ્તારમાં આવેલ મેટલ કવોરી, સફેદ પથ્થર દળવાની ફેકટરીઓને કારણે માનવ જીંદગી પર્યાવરણને થઈ રહેલ ગંભીર અસરને દયાનમાં લઈ અસરકારક પગલાં ભરી કાર્યવાહી કરવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સત્ય શોધક સમિતિના કન્વીનર અર્જુનભાઈ મોઢવાડીયાને રજુઆત.

પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકા અને શહેર વિસ્તારની આજુબાજુ ખૂબ જ લાંબા સમયથી મેટલ કવોરી, સફેદ પથ્થર દળવાની વિવિધ ફેકટરીઓ, કંપનીઓ, કારખાના વિગેરે ખૂબ જ મોટા પ્રમાણમાં આવેલ. આ એકમો ખૂબ જ ભારે પ્રમાણમાં પ્રદુષણ ફેલાવે છે. જેની આશરે હવા, પાણી, જીવન, પર્યાવરણને થઈ રહેલ છે. જેમાં હવામાં ફેલાતા રજકણોને કારણે માનવ જીંદગી, પશુ–પંખીને ખૂબજ પ્રમાણમાં અસર થઈ રહેલ છે. આવા એકમોમાં કામ કરતાં શ્રમિકોના મૃત્યુ પણ આને કારણે થતાં રોગ થી થાય છે. ઉપરાંત આજુબાજુના રહેણાંક વિસ્તાર, જાહેર માર્ગ, વાહનોમાં મુસાફરી કરતા લોકોપણ બિમારીમાં સપડાય છે. ઘણી વખત હવામાં ફેલાતી રજકણોને કારણે શ્વાસ લેવામાં, વાહન ચલાવવામાં પણ ભારે મુશ્કેલી થાય છે. જે ગંભીર અને ચિંતાનો વિષય હોય આ વિસ્તારમાં આવી કવોરી, ફેકટરીઓ, કંપનીઓ બંધ કરી જાહેર જીવન–પ્રજાના આરોગ્યના હિતાર્થે ઉપયોગી પગલાં ભરવા અમોને અવારનવાર અનેક વખત મળેલ રજુઆતોને લઈ પંચમહાલ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા યોગ્ય કાર્યવાહી થાય તેવી માંગ કરાઈ.

# શહેરાના ખાંટના મુવાડાના સૈનિક વય નિવૃત્ત થતાં ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરાયું



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના ખાંટના મૂવાડા ગામના આર્મીમિન ગજેન્દ્રસિંહ ઠાકોર વયનિવૃત થતા ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું. દેશભક્તિ ના ગીતો વચ્ચે ઘોડા પર બેસાડીને ગામના વિવિધ વિસ્તારોમાં નીકળતા ગ્રામજનોએ તેમને ફૂલ હાર અને બુકે આપવા સાથે તેમની દેશસેવાને બિરદાવી હતી.

પંચમહાલ જીલ્લાના શહેરા તાલૂકાના ખાંટના મુવાડા ગામના વતની ગજેન્દ્રસિંહ ઠાકોર માતૃભૂમિ કાજે દેશસેવા નિષ્ઠાપુર્વક બજાવ્યા બાદ વયનિવૃત થતા પરિવારજનો અને ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામા આવ્યુ હતુ. શહેરા તાલૂકાના ખાંટના મુવાડા ગામના વતની એવા ગજેન્દ્રસિંહ ઠાકોર ૧૯૯૪ની સાલમા દેશની રક્ષા કાજે સૈનિક તરીકે જોડાયા હતા અને ૨૮ વર્ષ દેશસેવા આપી હતી. સૂબેદાર થઇને વયનિવૃત થતા તેઓનુ ખાંટના મૂવાડા ગામે ઘોડાપર બેસાડીને ફૂલહાર પહેરાવીને ડિજેના તાલે વાજતે ગાજતે સ્વાગત કરવામા આવ્યુ હતું. ગજેન્દ્રસિંહ ઠાકોરે કારગીલ વોરમા પણ ફરજ અદા કરી હતી. સાથે આસામ, જમ્મુ–કાશ્મીર, હિમાચલ પ્રદેશ સહિતના રાજ્યોમાં સેવા આપી હતી. ગામના સરપંચ ભૂપેન્દ્રસિંહ ઠાકોર સહિત સમાજના અગ્રણીઓ, યુવાનો, મહિલાઓ તેમના સ્વાગત કાર્યક્રમમાં જોડાયા હતા.

# શહેરા BRC ભવન ખાતે ધો.૧૦ની બોર્ડ પરીક્ષા માટે વિજ્ઞાન અને ગણિતના વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું



શહેરા,

શહેરામાં આગામી દિવસોમાં યોજાનાર ધો.૧૦ની પરીક્ષામાં વિદ્યાર્થીઓનું ૧૦૦% પરિણામ આવે તે માટે વિજ્ઞાન–ગણિતના શિક્ષકોની આયોજન બેઠક બી.આર.સી.ભવન ખાતે યોજાઈ હતી. માદયમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકોને અહીં બોર્ડની પરીક્ષાને લગતું જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

શહેરા ખાતે આવેલ બી.આર.સી. ભવનમાં ‘‘રાષ્ટ્રિય આવિષ્કાર અભિયાન’’ અંતર્ગત મોડ્યુલ નિર્માણ તેમજ ધો.૧૦ માં ૩૮૬૪ વિદ્યાર્થીઓનું ૧૦૦% પરિણામ લાવવા તેમજ ધો.૯ ના ૪૫૦૭ વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભવિષ્ય માટે બી.આર.સી.કો.ઓર્ડીનેટર ડો.કલ્પેશ પરમારની અદયક્ષતામાં વિજ્ઞાન–ગણિત શિક્ષકોની આયોજન બેઠક યોજાઈ હતી. જે અંતર્ગત શહેરા તાલુકાના ૨૨ ની ૪૦ માદયમિક તેમજ ઉચ્ચત્તર માદયમિક શાળાઓના ૬૫ જેટલા પ્રતિભા સંપન્ન શિક્ષકોના સહકારથી મોડ્યુલ નિર્માણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ શિક્ષકોને ૯ તેમજ ૧૦ ના વિજ્ઞાન ગણિત વિષયના વ્યકિતગત એકમની ફાળવણી કરવામાં આવી હતી. ડો.કલ્પેશ પરમારના જણાવ્યા પ્રમાણે શહેરા તાલુકાની માદયમિક તેમજ ઉચ્ચત્તર માદયમિક શાળાઓના વિજ્ઞાન–ગણિત વિષયમાં નવોચાર કરતા શિક્ષકોનું એક વિષયવાર સર્કલ નિર્માણ કરવામાં આવ્યું હતું. જેના આધારે વર્તમાન સમયે વિદ્યાર્થીઓને કોરોનાના કારણે થયેલ લર્નિંગ લોસને પહોંચી વળવા શૈક્ષણિક પ્રવૃત્તિ આધારિત સાહિત્ય નિર્માણ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ વર્ગખંડમાં શૈક્ષણિક પ્રક્રિયામાં અદયયન નિષ્પત્તિઓને દયાને લઈ તેમજ બાળકોની શીખવાની વર્તુણાંક, રુચી, જીજ્ઞાશા અને પ્રેરણારૂપ બાબતોને દયાને લઈ સાહિત્ય નિર્માણ કરવામાં આવશે. ખાસ કરીને બેઝિક તેમજ સ્ટાન્ડર્ડને દયાનમાં રાખી તમામ એકમનું સાહિત્ય તૈયાર કરવામાં આવશે. વિષયવાર ટીચર સર્કલ દ્વારા શૈક્ષણિક સંશોધન તેમજ એકશન રીસર્ચ, નવીન પ્રેક્ટિસ યોજવા તેમજ બાળકો અને શિક્ષકોને ઉપયોગી બની શકે તેવું પુસ્તક તૈયાર કરી શાળાઓને બ્રોશર સ્વરૂપે આપવામાં આવશે.

# શહેરાના વાઘજીપુરના આર્મીમેન રજા પુરી થતાં ઘરેથી નોકરી જવા નિકળી ગુમ થતા ફરિયાદ

શહેરા,

શહેરા તાલુકાના વાઘજીપુર ગામે રહેતા અને આર્મીમાં નોકરી કરતાં સૈનિક એક મહિનાની રજા ઉપર આવેલ હતા રજા પુરી થતાં ઘરેથી નોકરી જવા નીકળેલ હતા અને પંજાબ આર્મી ઓફિસમાં નહી પહોંચતા પંજાબ આર્મી ઓફિસ દ્વારા ફોન દ્વારા જાણ કરતા પરિવારજનોએ શોધખોળ કરતાં મળી નહી આવતાં ગુમ થયાની ફરિયાદ નોંધાઈ.

શહેરા તાલુકા વાઘજીપુર ગામે પરમાર ફળીયામાં રહેતા શૈલેષભાઈ મનોરસિંહ પરમાર ઉ.વ.૩૨ આર્મીમાં નોકરી કરતા હોય અને એક મહિનાની રજા ઉપર વતનમાં ઘરે આવેલ હતા. રજા પુરી થતાં ૧ માર્ચ ૨૦૨૨ના રોજ નોકરી ઉપર જવા માટે નીકળેલ હતા અને ૩ માર્ચ ૨૦૨૨ના રોજ તેમના પિતાને પંજાબ આર્મી ઓફિસથી ફોન આવેલ હતા અને શૈલેષકુમાર નોકરી ઉપર આવેલ નથી. તેમ જણાવતા પરિવારજનોએ શોધખોળ કરતા મળી આવેલ નહી તા. ૪ માર્ચના રોજ વાઘજીપુર પેટ્રોલ પંપ ઉપર પોતાની બેગ મુકીને જતા રહેલ હોય અને મળી નહી આવતાં ગુમ થયા અંગેની ફરિયાદ શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# હાલોલની ઈન્દ્રપુરીની ૨૩ વર્ષીય મહિલાએ અગમ્ય કારણોસર ફિનાઈલ પી જતાં સારવાર માટે ખસેડાઈ

હાલોલ,

હાલોલની ઈન્દ્રપુરી સોસાયટીમાં રહેતી ૨૩ વર્ષીય મહિલા એ અગમ્યકારણોસર ફિનાઈ અને અમુક ગોળીઓ ખાઈ જતાં સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી.

પ્રાપ્ત વિસ્તારમાં હાલોલ તાલુકાના ઈન્દ્રપુરી સોસાયટીમાં રહેતા હેમાંગીબેન પ્રીતભાઈ શાહ ઉ.વ.૨૩ પોતાના ઘરમાં હતા અને કોઈ અગમ્યકારણોસર ફિનાઈલ અને પેરાસીટેમલની ગોળીઓ ખાઈ લેતા દવા સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

# ગોધરના ખાડી ફળીયા-મારવાડીવાસમાં રસ્તા ઉપરના દબાણો દુર કર્યા વગર નવા રસ્તાની કમાગીરી શરૂ થતાં રોષ



ગોધરા,

ગોધરા પાલિકા વિસ્તારના ખાડી ફળીયા, મારવાડીવાસમાં જાહેર રસ્તા ઉપર દબાણ કરવામાં આવેલ હોય જેને લઈને બિમારી અને આકસ્મીક સંજોગોમાં એમ્બ્યુલન્સ કે ફાયર ફાઈટર આવી શકે તેવી સ્થિતી ન હોય જેને લઈ રસ્તા ઉપરના દબાણો દુર કરવા રજુઆત કરવામાં આવતાં દબાણકર્તાઓને નોટીસ આપીને સ્વૈચ્છાએ દબાણો દુર કરવા નોટીસ આપવામાં આવી હતી. તેમ છતાં દબાણો દુર કરવામાં નહિ આવતાં સ્થાનિક રહીશ દ્વારા આવા રસ્તા પરના દબાણો માટે કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે.

ગોધરા ખાડી ફળીયા મારવાડીવાસ વિસ્તારમાં સ્થાનિક રહીશો દ્વારા જાહેર સરકારી રસ્તા ઉપર ગેરકાયદેસર દબાણો ઉભા કરવામાં આવેલ છે. આવા દબાણોને લઈને આ વિસ્તારમાં માંદગીના સમયે એમ્બ્યુલન્સ કે આગ જેવી ઘટનામાં ફાયર વાહન પણ આવી શકે તેવી સ્થિતી ન હોય જેને લઈ સ્થાનિક રહીશ દ્વારા મારવાડીવાસમાં ગેરકાયદેસર દબાણો દુર કરવામાં પાલિકા ચીફ ઓફિસરને રજુઆત કરાઈ હતી. જાહેર રસ્તા ઉપરના દબાણ દુર કરવા માટે પાલિકા દ્વારા ૪૭ દબાણકર્તાઓને નોટીસ આપવામાં આવી હતી. તેમ છતાં દબાણો દુર નહી કરીને પાલિકાની નોટીસનો અનાદર કરવામાં આવ્યો છે. હાલમાં પાલિકા દ્વારા ખાડી ફળીયા વિસ્તારમાં નવા રસ્તાની કામગીરી શરૂ કરવામાં આવી છે. પરંતુ સરકારી રસ્તાનું દબાણ દુર કરવામાં આવેલ નથી. સામાન્ય રીતે એમ્બ્યુલન્સ અને ફાયરના વાહનો આ વિસ્તારમાં આવી શકે તે માટે રસ્તા ઉપરના દબાણો દુર કરીને રસ્તાની કામગીરી કરવામાં આવે તેવી માંગ કરાઈ છે.